### બેલેટ પેપર પર ત્રણ સક્ષમ અને સક્રીય ઉમેદવારનાં નામ લખી બોક્ષમાં નાખવાનાં


# કોંગ્રેસ દ્વારા લોકસભા જંગનાં ઉમેદવારની પસંદગીમાં નવતર પ્રયોગ

ગુજરાત કોંગ્રેસનાં પ્રભારી મુકુલ વાસનિક અને પ્રદેશ પ્રમુખ શકિતસિંહ ગોહિલનાં નેતૃત્વમાં બેઠક યોજાઈ

જે લોકસભા વિસ્તારમાંથી નામ આવશે તે પેટી પ્રભારી અને પ્રમુખ સમક્ષ ખોલવામાં આવશે

લોકોનો અવાજ સંસદમાં પહોંચાડી શકાય તે માટે નવતર પસંદગી પ્રક્રિયા શરૂ કરાઈ

ઉપસ્થિત કોંગી આગેવાનોએ લોકસભા ચૂંટણીને ઘ્યાને લઈ રચનાત્મક સુચનો કર્યા






અમદાવાદ, તા. ૧૬

આજરોજ રાજીવ ગાંધી ભવન ખાતે અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને ગુજરાત કોંગ્રેસના સંગઠન પ્રભારી સાંસદ મુકુલ વાસનિકે જિલ્લા શહેર દીઠ સંગઠન સંકલન બેઠકમાં માર્ગદર્શન આપતા નિર્દેશ કર્યો હતો કે મંડલ અને સેકટરની તમામ નિમણુંક ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૪ સુધી પૂર્ણ કરવામાં આવે. ૨૦ ફેબ્રુઆરી સુધીમાં દરેક જિલ્લાઓમાં સંગઠાત્મક સંમેલનો પૂર્ણ કરવામાં આવે ત્યારબાદ રાજયકક્ષાનું કાર્યકર્તા સંમેલન યોજવામાં આવશે. આવનારી ભારત જોડો ન્યાય યાત્રાની તૈયારીની સમીક્ષા ઉપર ચર્ચા કરવામાં આવી હતી. ભારત જોડો ન્યાય યાત્રા જયારે ગુજરાતમાંથી જે જે જિલ્લા–વિસ્તારમાંથી પ્રસાર થાય ત્યારે કોંગ્રેસ પક્ષના આગેવાનો, કાર્યકરો સહિત તમામ સામાજીક, સ્વૈચ્છિક સંગઠનના કાર્યકર્તાઓ વધુમાં વધુ જોડાય તે માટે સ્થાનિક કક્ષાએ જનસંપર્ક અભિયાન કરીને પ્રયત્ન કરવાનો છે. ભારત જોડો ન્યાય યાત્રા દ્વારા સામાજીક, રાજકીય અને આર્થિક ન્યાય માટેની આ સંઘર્ષમાં આપણે સૌ જોડાઈએ એ દિશામાં કામ કરશો તેવી અપેક્ષા છે. મતદાન યાદી અપડેટ કરવાની પ્રક્રિયા સતત ચાલુ છે, તમામને આ કવાયતમાં સક્રિય રીતે ભાગ લેવાનું આહવાન કરવામાં આવ્યું. 'દેશ માટે દાન' મુહિમમાં ભાગ લઈ વધુમાં વધુ યોગદાન આપવા કાર્યકર્તા આગેવાનોને અપીલ કરવામાં આવી હતી.

કોંગ્રેસ પક્ષની સંગઠન સંકલન બેઠકમાં સંવાદ કરતા ગુજરાત કોંગ્રેસના પ્રમુખ અને સાંસદ શકિતસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષ જિલ્લા–શહેરના આગેવાનો પાસેથી લોકસભાના ઉમેદવારની પસંદગી માટે નવતર પ્રયોગની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. સ્થાનિક સમિકરણો, પક્ષમાં યોગદાન સહિતની બાબતોને ઘ્યાને લઈ બેલેટ પેપર પર ત્રણ સક્ષમ અને સક્રિય ઉમેદવારના નામ લખી અને બેલેટ બોકસમાં જમા કરાવવાની લોકતાંત્રિક પ્રક્રિયા નવીનત્તમ અભિગમ સાથે અમલમાં મુકવામાં આવી રહ્યું છે. કોંગ્રેસના નિષ્ઠાવાન કાર્યકરો પાસે જે તે લોકસભા માટે આવેલ નામોને પ્રમુખ અને પ્રભારી સમક્ષ ખોલવામાં આવશે. જિલ્લામાંથી યોગ્ય નામ આવે તે માટે ગુપ્ત રીતે નામ માંગવામાં આવ્યા હતા. લોકસભાના ઉમેદવાર સાથે લોકસભાની ચુંટણી માટે અભિપ્રાય સાથે ત્રણ રચનાત્મક અને સંગઠનાત્મક સૂચન માંગવામાં આવ્યા હતા. લોકોના આશીર્વાદથી લોકો માટે સંસદમાં ગુજરાતનો અવાજ ઉઠાવે એ માટે સારા ઉમેદવાર પસંદગીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. પક્ષને નુકશાન ના થાય અને કાર્યકરોની વાત હાઈ કમાન્ડ સુધી પહોંચી શકે તેવો એક નવતર પ્રયત્ન છે. સંગઠનમાં બદલાવને લઈને ટૂંક સમયમાં જ સંગઠનમાં ફેરફાર થશે. લોકસભા ચૂંટણી પહેલા જિલ્લા પ્રમુખ અને સંગઠનમાં નિમણુંક કરવામાં આવશે. જે લોકો હાલમાં જવાબદારીથી મુકત થવા માંગતા હશે જિલ્લા–શહેરમાં ફેરફાર હાથ ધરાશે.

સંગઠન સંકલન બેઠકમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ જગદીશભાઈ ઠાકોર, સિધ્ધાર્થભાઈ પટેલ, વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતા શૈલેષભાઈ પરમાર, એ.આઈ.સી.સી. મંત્રી બી.એમ. સંદીપ, ઉષા નાયડુ, શ્રીમતિ સોનલબેન પટેલ, સાંસદ ડો. અમીબેન યાજ્ઞિક, નારણભાઈ રાઠવા, વિધાનસભા કોંગ્રેસ પક્ષના પૂર્વ નેતા સુખરામભાઈ રાઠવા, પૂર્વ કેન્દ્રીય મંત્રી ડો. તુષાર ચૌધરી, કાર્યકારી પ્રમુખ ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, શહેર–જિલ્લા કોંગ્રેસના પ્રભારીઓ સહિત ધારાસભ્યો, પૂર્વ ધારાસભ્યો, આગેવાનો હાજર રહ્યા હતા અને કોંગ્રેસ પક્ષે સંગઠનલક્ષી શરૂ કરેલ પાયાની કામગીરી અને આગામી લોકસભા ચૂંટણી અંગે ધ્યાને લઈ રચનાત્મક સૂચનો કર્યા હતા.

### એસપીની સુચનાથી સીટી પોલીસની કામગીરી

## અમરેલી : અપહરણ અને પોકસોનાં ગુન્હાનાં આરોપી સાગર વાળાની અટકાયત

### પોલીસ ટીમે નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરી

અમરેલી, તા. ૧૬

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહે જીલ્લામાં બનતા અપહરણ તથા પોકસો એકટ સબંધીત ગુન્હાઓના આરોપીઓને સત્વરે પકડી પાડવાં તેમજ જરૂરી કાર્યવાહી કરવા સુચના આપેલ હોય. જે અનુસંધાને અમરેલી ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક જે.પી. ભંડારી દ્વારા સુચના તથા માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે અમરેલી સીટી પોલીસ સ્ટેશનના



પોલીસ ઈન્સ્પેકટર ડી.કે. વાઘેલાના સીધા માર્ગદર્શન હેઠળ અમરેલી સીટી પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ દ્વારા કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬, ૩૭૬(૨)(જે) તથા પોકસો એકટ કલમ–૪, ૬, ૮, ૧૦, ૧૨, ૧૮ મુજબના ગુન્હાના કામના આરોપીને ભોગ બનનાર સાથે ચોક્કસ બાતમી આધારે આરોપીને સાગર મનસુખભાઈ વાળા રહે. ત્રમ્બકપુરની ગણતરીની કલાકોમાં શોધી કાઢી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

### ધાધલ પરિવાર દ્વારા

## અમરેલીમાં સારહિ તપોવન આશ્રમ ખાતે ગાયત્રી યજ્ઞ યોજાયો




અમરેલી, તા. ૧૬

સારહિ તપોવન આશ્રમ ખાતે તેમના સ્વપ્ન દ્રષ્ટા મુકેશભાઈ સંઘાણીના સંકલ્પ અનુસાર બની રહેલા તપોવનઆશ્રમનુંનિર્માણકાર્યથાયત્યાં સુધી દર રવિવારે ગાયત્રી યજ્ઞ કરવામાં આવે છે. તેમાં અમરેલી શહેર ભાજપ બક્ષીપંચ મોરચો મહામંત્રી નાથુભાઈ એન. ધાધલનાં સહ પરિવારને ગાયત્રી યજ્ઞમાં બેસવાનો લાભ મળ્યો અને યજ્ઞ વિધી કરવામાં આવેલ. (ગાયત્રી જ્ઞાન મંદિર ટ્રસ્ટ અમરેલીનાં પરિજનો હરેશભાઈ પંડયાએ ગાયત્રી યજ્ઞ કરાવ્યો) સારહિ પરિવાર વતી હૃદયપૂર્વક આભાર માનવામાં આવેલ હતો. તેમ સંસ્થાની યાદીમાં જણાવેલ છે.


### ૧૨ જાન્યુઆરીનાં રાત્રિનાં ઘટના બની હતી

## બગસરાનાં હાલરીયા ગામે થયેલ રાયોટનાં ગુન્હામાં આરોપીની અટકાયત

### પાંચ આરોપીની અટકાયત કરવામાં આવી

અમરેલી, તા. ૧૬

બગસરા પોલીસ સ્ટેશન આઈ.પી.સી. કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૨૪, ૪૨૭ તથા જીપી એકટ કલમ ૧૩૫ મુજબનો ગુન્હો રજી. થયેલ હોય, પોલીસે આરોપીને ઝડપી લઈ આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.



આ બનાવમાં હકિકત એવી છે, બગસરા તાલુકાના હાલરીયા ગામે રહેતા સાગરભાઈ કેશુભાઈ વાઘેલા તથા સાહેદ હિમંતભાઈ પોતાની ટુ વ્હીલ લઈને તા. ૧૨/૧/૨૪ ના રાત્રીના આશરે આઠેક વાગ્યે તે જ ગામે રહેતા કાનાભાઈ ભગાભાઈ માધડની દુકાન પાસે પહોંચતા તે જ ગામે રહેતા કાનાભાઈભગાભાઈ માધડ સહિત ૬ આરોપીએ એકસંપ કરી હથિયારો ધારણ કરી સાગરભાઈ તથા સાહેદ ઉપર હુમલો કરી આરોપી કાનાભાઈ ભગાભાઈ માધડે દુકાનમાંથી લોખંડનો પાઈપ કાઢી સાગરભાઈને માથાનાં ભાગે એક ઘા, બીજો વાંસાના ભાગે મારી દીધેલ તેમજ આરોપીઓએ હિમંતભાઈને માર મારી મુંઢ ઈજા કરી તેમજ લાકડીના ધોકા વડે ટુ વ્હીલને ભાંગવા લાગી નુકસાન કર્યાની ફરિયાદ નોંધાતા બગસરા પોલીસ સ્ટેશનના પ્રો.ના.પો. અધિ. સી.બી. સોલંકી તથા પો.ઈન્સ. કે.સી. પારગીના સીધા માર્ગદર્શન હેઠળ બગસરા પોલીસ સ્ટેશનની અલગ અલગ ટીમો બનાવી આ કામના પાંચ આરોપીઓને પકડી પાડી આરોપીઓ વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.


આમ આદમીનું અખબાર

અમરેલી amreli express એક્સપ્રેસ



આપના માટે લાવી રહ્યું છે લવાજમ યોજના

વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૪

લવાજમ ભરો માત્ર ₹ ૮૯૯/-

અને મેળવો આખું વર્ષ અમરેલી એકસપ્રેસ...

સચોટ-સટીક

સાતત્યસભર દૈનિક

સાવરકુંડલામાં

એજન્ટ/પત્રકારની નિમણુંક થયેલ છે



કેવલ વેલાણી (સાવરકુંડલા)

સાવરકુંડલા શહેરમાં "અમરેલી એકસપ્રેસ" દૈનિકના પત્રકાર કમ એજન્ટ તરીકે કેવલ વેલાણી ની નિમણુંક કરવામાં આવી હોય પ્રેસનોટ, અવસાનનોંધ, જાહેરખબર અને વર્તમાનપત્ર મેળવવા માટે સંપર્ક કરો.

કેવલ વેલાણી

મો. ૯૯૯૮૭ ૭૮૨૮૧–સાવરકુંડલા

લવાજમની મુદ્દત

તા.૦૧–૦૧–૨૦૨૪ થી તા.૩૧–૧૨–૨૦૨૪

કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩

www.amreliexpress.com

e-mail : amreliexpress7@gmail.com

## આરટીઆઇ એક્ટીવીસ્ટ નાથાલાલ સુખડીયાએ કેન્દ્રનાં પરિવહન મંત્રીને પત્ર પાઠવ્યો

# અમરેલી પંથકનાં બિનખેતીનાં કથિત કૌભાંડ અંગેની નવી દિલ્હીમાં રજૂઆત

**ભાજપનાં પદાધિકારી અને જિલ્લાનાં મહેસુલી અધિકારીની કાર્યશૈલી સામે અનેક પ્રશ્નો ઉપસ્થિત કરવામાં આવ્યા**

**સાવરકુંડલા-અમરેલી વચ્ચેનો માર્ગ ફોરલેન થવાનો હોવાની અગાઉથી ખબર હોવાનો લાભ લેવાયાનો આક્ષેપ**

**ખેતીની જમીનને ગણતરીનાં દિવસોમાં ઔદ્યોગિક હેતુમાં ફેરવીને સરકારની તિજોરીને મોટુ નુકસાન કરવાનો પ્રયાસ**

**સમગ્ર પ્રકરણને લઈને કેન્દ્ર સરકાર તટસ્થ તપાસ કરાવે છે કે કેમ તેના પર સૌની નજર**

અમરેલી, તા. ૧૬

અમરેલી જિલ્લામાં ભારે ચર્ચાસ્પદ બનેલ સાવરકુંડલા–અમરેલી વચ્ચેનાં માર્ગને ફોરલેન કરવા માટે જરૂરી જમીન સંપાદન કરવાનાં કાર્યમાં ભ્રષ્ટાચારની બદબુની ઘટનાની ફરિયાદ આરટીઆઈ એકટીવીસ્ટ નાથાલાલ સુખડીયાએ કેન્દ્રનાં પરિવહન મંત્રી નીતિન ગડકરીને કરી છે.

તેઓએ પત્રમાં જણાવેલ છે કે, માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયે ૨૦૧૭–૧૮નાં બજેટ દરમિયાન મહુવા, અમરેલી અને જેતપુરને જોડતા નેશનલ હાઈવે ૩૫૧ને ફોરલેનથી પહોળા કરવા માટે પ્રાથમિક મંજૂરી આપી હતી.

NHAI એ થોડા સમય પહેલા હાઈવેને પહોળો કરવાનો ઈરાદો જાહેર કર્યો હતો અને પ્રોજેકટ માટે જમીનનું સર્વેક્ષણ શરૂ કર્યુ હતું. આગળ વધતા, જિલ્લા કલેકટર અને NHAI અધિકારીઓએ જમીનની સંયુકત માપણી અને તેના સંપાદન માટે એક સંપાદન અધિકારીની નિમણૂંક કરી. ૨૦૨૧માં જમીનની સંયુકત માપણી માટે ફી DILR (જિલ્લા નિરીક્ષક લેન્ડ રેકોર્ડ) ને ચુકવવામાં આવી હતી.

ત્યારબાદ સંપાદન અધિકારીએ ૮ ફેબ્રુઆરી ૨૦૨૨ અને માર્ચ ૨૨, ૨૦૨૨ ના રોજ તમામ ખેડૂતોને પત્ર મોકલ્યો, જેમાં તેમને NH 351 ને પહોળો કરવા માટે તેમની જમીન સંપાદન કરવા વિશે જાણ કરી. એક ગેઝેટ (ભાગ–૨, વિભાગ–ઘ, સબ વિભાગ–૨, પૃષ્ઠ–૧–૧૭, તારીખ ૧૩ જાન્યુઆરી, ૨૦૨૨ અને પૃષ્ઠ ૧–૨૫, તારીખ ૧૭ જાન્યુઆરી, ૨૦૨૨) તેના માટે પ્રકાશિત કરવામાં આવ્યા હતા. અખબારોમાં પણ જાહેરાતો પ્રકાશિત કરવામાં આવી હતી (સંદેશ અને ઈન્ડિયન એકસપ્રેસ તારીખ ૫ ફેબ્રુઆરી, ૨૦૨૨ અને ગુજરાત સમાચાર તારીખ ૬ ફેબ્રુઆરી, ૨૦૨૨). આમ જિલ્લા કલેકટર, સાંસદ નારણભાઈ કાછડીયા અને સંબંધિત સરકારી અધિકારીઓ પ્રોજેકટની પ્રગતિ અને વર્તમાન સ્થિતિથી સારી રીતે વાકેફ હતા. તેની પાસે દેખીતી રીતે ૨૨ નવેમ્બર ૨૦૨૩નાં રોજ NHAIની સુચના વિશે અગાઉથી માહિતી હતી.

વધુમાં જણાવેલ છે કે, સાંસદ ચરખડિયા ગામનાં છે અને ગામમાં ખેતીની જમીન ધરાવે છે. જે NH 351 પર બરાબર આવેલું છે. સાંસદ હોવાના નાતે NHAIની યોજનાઓ વિશે અગાઉથી માહિતી હતી અને તેમણે પોતાના લાભ માટે પરિસ્થિતિનો ઉપયોગ કર્યો હતો. આ ''ગોપનીયતાના શપથનો ભંગ કરે છે જે તેમણે સાંસદ તરીકે લીધા હતા.'' આ કૌભાંડ તેમની જમીન પુરતું સીમિત નથી પરંતુ તેમના સંબંધીઓ અને પરિચિતોને પણ આ જ હેતુ માટે કલેકટર અને કેટલાંક સરકારી અધિકારીઓની મદદથી તેમની જમીન NAમાં કન્વર્ટ કરવા માટે સમર્થન આપીને વિસ્તરેલું છે.

સાંસદે NH 351 ને પહોળો કરવા અંગે પડોશના ગામડા ખેડૂતો એટલે કે ઓળિયા સાથે પણ ચર્ચા કરી હતી. આ ગામ હાલના હાઈવે પર આવેલું છે. જો કે તેમણે નવા હાઈવેને ગામની બહાર અને હાલના હાઈવેથી દૂર રાખવાની યોજના બનાવી હતી. તદનુસાર પરિચિતોએ એવા ખેડૂત સાથે બેઠકો કરી કે જેમની જમીન હાઈવેના પ્રસ્તાવિત પહોળા કરવાની ગોઠવણીમાં આવે છે. અહીં, તેઓએ તે તમામ ખેડૂતો સાથે તેમની જમીન NAમાં કન્વર્ટ કરાવવા અને તેના બદલામાં કમિશન મેળવવા માટે એમઓયુ કર્યા છે. તેઓએ નજીકના અન્ય ગામો (એટલે કે ખીજડિયા)નાં ખેડૂતો સાથે પણ સમાન એમઓયુ કર્યા છે અને જમીનને NAમાં રૂપાંતરિત કરાવી છે. યોજના મુજબ તેમણે તમામ ખેડૂતોને તેમની જમીન NAમાં કન્વર્ટ કરવાની વિનંતી કરતી ઓનલાઈન અરજી કરવા જણાવ્યું હતું. આશ્ચર્યની વાત એ છે કે સાંસદનાં પ્રભાવને કારણે મોટાભાગની અરજીઓને બહુ ઓછા સમયમાં NA કિલયરન્સ મળી ગયું. આ બધુ NHAI નાં ૨૨ નવેમ્બર, ૨૦૨૩ના નોટિફિકેશનના થોડા અઠવાડિયા/મહિના પહેલા થયું હતું. કેટલાક સરકારી અધિકારીઓ પણ તેમાં સામેલ હતા. પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે કલેકટર કચેરી મોડી સાંજ સુધી (રાત્રે ૧૦:૦૦ વાગ્યા સુધી) કામ કરી રહી હતી અને ખેડૂતોને કચેરીએ બોલાવ્યા હતા અને તેમની અરજીને એનએ મંજૂર કરી હતી. તેઓએ કોઈ શંકા ટાળવા માટે થોડી અરજીઓ ફગાવીને તેને હોંશિયારીથી ભજવી હતી. વધુ વળતર મેળવવા અને દેશની તિજોરી લૂંટવાના સ્પષ્ટ ઈરાદા સાથે આ એક સુનિયોજિત કૌભાંડ છે.

દેશનાં દરેક નાગરિકને તમારા અને આપણા વડાપ્રધાનમાં વિશ્વાસ છે. આપણા દેશમાં તમારા જેવા ''વિકાસ પુરૂષ'' લોકો હોવાનો અમને ખૂબ જ ગર્વ છે. જેઓ રાષ્ટ્રના વિકાસ માટે દિવસ–રાત અથાક મહેનત કરી રહ્યા છે. પરંતુ સાંસદ જેવા કેટલાક લોકો બીમાર વિચારો ધરાવતા તમારા બધા પ્રયત્નો અને તમારા ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય કાર્યની છબીને ખલેલ પહોંચાડે છે.

આથી આ વિષયની તપાસ કરવા અને તેની સામે યોગ્ય અને કડક પગલાં લેવા તેમજ NA જમીનના આધારે આ જમીન માલિકોને વળતર ન આપવા વિનંતી કરૂં છું. કારણ કે આ જમીન ઉચ્ચ નાણાકીય લાભ મેળવવાના એકમાત્ર હેતુથી રૂપાંતરિત કરવામાં આવી છે અને તેથી આનો દેશની તિજોરી પર વધુ બોજ ન લેવો જોઈએ તેમ અંતમાં જણાવેલ છે.

### વિકાસની ગુલબાંગો વચ્ચે કડવી વાસ્તવિકતા

## દામનગરનાં માર્ગોમાં ઠેર–ઠેર ગાબડા દિલ્હી સુધી એક જ પક્ષનું શાસન છતાં યથાવત

**લોકશાહી શાસન વ્યવસ્થામાં લોકોની સમસ્યા દૂર થતી નથી**

દામનગર, તા. ૧૬

દામનગર શહેરમાંથી પસાર થતા રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગ હસ્તકના માર્ગ પર અકમાતને આમંત્રણ આપતો ખાડો (ખાડાઓ) ની, કે જે સરકારી દવાખાનાથી લઈ પોલીસ પાસે, ૧૧૧ પ્લોટ નજીક–નાળા પાસે, બદરૂભાઈની લાતી સામે, પટેલ વાડી નજીક નાળા ઉપર, પુલ ઉપર પણ બંને બાજુ ખાડા છે અને ગેટ પાસેના ખાડાઓથી વાહન ચાલકો તોબા પોકારી ઉઠયા છે. વાહનોના સ્પેર પાર્ટસ ઢીલા પડી જાય છે, આ બધા ખાડાઓને જોવામાં આવે છે, છતાં




ધ્યાન આપી બુરવામાં નથી આવતા. આ બધા ખાડાઓ સ્થાનિક તંત્ર બુરી ન શકે..!! કોઈ મોટો ગમખ્વાર અકસ્માત સર્જાય શકે છે...!!? તદુપરાંત સ્પીડ બ્રેકરોની પણ જરૂર છે, વિકાસશીલ ગુજરાતના દામનગરમાં વિકાસ તો ઘણો થઈ રહ્યો છે..!! પણ..પણ..

## ખાંભા : મોટા સરાકડીયા ગામનાં સરપંચ વિરૂદ્ધ અવિશ્વાસની દરખાસ્ત મંજુર




ખાંભા, તા. ૧૬

ખાંભા તાલુકાના મોટાં સરાકાડીયા ગામે સરપંચ વિરૂદ્ધ અવિશ્વાસની દરખાસ્ત મંજૂર કરવામાં આવી છે.

તાલુકા વિકાસ અધિકારી અને તલાટી મંત્રીની રૂબરૂમાં ગ્રામ પંચાયતના છ સભ્યો દ્વારા અવિશ્વાસની દરખાસ્તની તરફેણમાં મત આપવામાં આવ્યા હતાં.

સરાકાડિયા ગ્રામ પંચાયતની અવિશ્વાસની દરખાસ્ત ફરજ પરના અધિકારી દ્વારા મંજુર કરાય. મોટા સરાકડીયા ગામના તલાટી મંત્રીએ આપી છે.

આ તકે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેથી ચુસ્ત પોલીસ બંદોબસ્ત રખાયો હતો.

### માર્કેટયાર્ડનાં સતાધીશો દ્વારા

## અમરેલીનાં માર્કેટયાર્ડમાં કપાસ અને તલની ચોરી કરનાર ઈસમ સામે દંડનાત્મક કાર્યવાહી

**મુખ્યયાર્ડનાં ચોગાનમાં કાયમી પ્રવેશબંધી કરાઈ**

અમરેલી, તા. ૧૬

અમરેલી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં તા. ૯/૧/૨૦૨૪ના ના રોજ શેડ નં.૩ માંથી કપાસની એક ભારી તથા તા. ૧૧/૧/૨૦૨૪ ના રોજ શેડ નં.૧ માંથી તલ એક કટો ચોરી થતા સંસ્થાને ફરિયાદ મળતા સંસ્થા દ્વારા સમગ્ર મામલે સીસીટીવીનાં ફુટેજનાં આધારે તપાસ કરતા અમરેલીનાં અર્જુનનગરમાં રહેતા અને મજુરી કામ કરતા વિપુલ મહાદેવભાઈ જુવાલીયાની પુછપરછ હાથ ધરતા તેણે



ચોરી કર્યાનો ગુનો કબુલ કરેલ અને ચોરીનાં માલનાં વેંચાણની આવેલ રકમ રૂા.૮,૪૫૮ સંસ્થા દ્વારા મુળ માલિકોને પરત અપાવેલ તેમજ આવા ચોરીનાં દુષણને ડામવા માટે સંસ્થા ચેરમેન શૈલેષભાઈ સંઘાણી દ્વારા ચોરી કરનાર શખ્સ સામે દંડનીય કાર્યવાહીરૂપે અમરેલી મુખ્યયાર્ડ ચોગાનમાં કાયમી પ્રવેશબંધી જાહેર કરવામાં આવેલ છો.। તેમ એક અખબાર યાદીમાં માર્કેટયાર્ડનાં સેક્રેટરી તુષાર હપાણીએ જણાવેલ છે.

### ભગવાન શ્રી રામનાં અયોધ્યામાં પ્રાણ પ્રતિષ્ઠા ઉત્સવનો થનગનાટ

## સાવરકુંડલા લીલીયાના તમામ ગામડાઓમાં ભાજપ દ્વારા મંદિરોમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરાશે

**ધારાસભ્ય મહેશ કસવાલા દ્વારા ભગવાન રામલલ્લાને સત્કારવાનો અનેરો ઉત્સાહ**

સાવરકુંડલા, તા. ૧૬

અયોધ્યામાં ભગવાન શ્રી રામના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને મંદિરોમાં સ્વચ્છતા અભિયાન થાય તે માટે સાવરકુંડલા લીલિયા વિધાનસભા બેઠકના તમામ ગામોમાં સતત બે દિવસ સુધી નાના મોટા તમામ મંદિરોમાં સ્વચ્છતા અભિયાન થાય તેવા અભિગમ સાથે સાવરકુંડલા લીલિયા વિધાનસભા બેઠકના ધારાસભ્ય મહેશ કસવાલા દ્વારા ૧૬ અને ૧૭ જાન્યુઆરીએ સાવરકુંડલા અને લીલીયાના તમામ ગામડાઓના મંદિરોમાં સ્વચ્છતા મિશન શરૂ કરવાના અભિગમથી સાવરકુંડલા અને લીલીયાના જિલ્લા પંચાયતના સદસ્યો, તાલુકા પંચાયતના સદસ્યો, તમામ મંડળોના પ્રમુખો અને કાર્યકર્તાઓ દ્વારા સ્થાનિકોને સંગાથે રાખીને મંદિરોમાં સ્વચ્છતાને પ્રાથમિકતા સાથે અયોધ્યામાં ભગવાન રામલલ્લાના પ્રાણ પ્રતિષ્ઠા ઉત્સવને સત્કારવા દરેક મંદિરો સ્વચ્છ થાય તેવા અભિગમ સાથે ધારાસભ્ય મહેશ કસવાળા સહિતના ભાજપના કાર્યકર્તાઓ મંદિરોની સફાઈ કરશે. તેમ સત્વ અટલધારા કાર્યાલયની અખબારીયાદીમાં જણાવ્યું છે.
























### હાર્ટ એટેકથી મોતનો સિલસિલો યથાવત

# સૌરાષ્ટ્રમાં બે લોકોએ હાર્ટ એટેકથી ગુમાવ્યો જીવ

## એક ચોંકાવનારો અહેવાલ જણાવે છે કે આજે લોકો જે પ્રકારની જીવનશૈલી જીવી રહ્યા છે જેનાથી યુવાનોના હૃદય સતત નબળા પડી રહ્યા છે

અમદાવાદ, તા.૧૬

રાજ્યમાં નાની ઉંમરે હાર્ટ એટેકથી મોતનો સિલસિલો યથાવત છે. સૌરાષ્ટ્રમાં વધુ બે લોકોના હાર્ટ એટેકથી મોત થયા છે. જેમાં પ્રથમ ઘટના બોટાદમાં બની છે. બોટાદની ખાનગી હોસ્પિટલનાં મેડિકલ સ્ટોરમાં નોકરી કરતા યુવાનનું હાર્ટ એટેકથી મોત છે. મોડી રાત્રીના છાતિમાં દુખાવો થતા ૪૦ વર્ષીય નરેશભાઈને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ યુવાનના મોતના પગલે પરિવાર જનોમાં શોકનો માહોલ છે. બીજી ઘટના રાજકોટમાં જેતપુરમાં બની છે. અહીં જેતપુર તાલુકાના પીઠડીયા ગામે હાર્ટ એટેકથી એકનું મોત થયું છે. ભગવતી ચોકમા રહેતા ૪૫ વર્ષીય મનીષાબેનને હાર્ટ એટેક આવતા મોત થયું છે. જેથી મૃતદેહને જેતપુર સરકારી હોસ્પિટલમાં ખસેડાયો છે. તબીબના પ્રાથમિક તારણ મુજબ હાર્ટ એટેક આવ્યો છે. જો કે પોસ્ટ મોર્ટમ રિપોર્ટ બાદ કઈ રીતે મોત થયું તે હકીકત બહાર આવશે. યુવાનોના હૃદય સતત નબળા પડી રહ્યા છે. એક ચોંકાવનારો અહેવાલ જણાવે છે કે આજે લોકો જે પ્રકારની જીવનશૈલી જીવી રહ્યા છે તેની અસર હૃદય પર પડી રહી છે અને હાર્ટ એટેક જેવી જીવલેણ બીમારીઓ ઝડપથી વધી રહી છે. અમેરિકન જર્નલ ઑફ ક્લિનિકલ એન્ડ ડાયગ્નોસ્ટિક રિસર્ચમાં પ્રકાશિત અહેવાલ દર્શાવે છે કે ૨૦૧૫ સુધીમાં ભારતમાં લગભગ ૬.૫ કરોડ લોકો હૃદયની બીમારીઓથી પીડિત હતા. આશ્ચર્યની વાત એ છે કે આમાંથી લગભગ ૨.૫ કરોડ લોકો ૪૦ વર્ષ કે તેનાથી ઓછી ઉંમરના છે. WHOનો તાજેતરનો રિપોર્ટ પણ ભારતીયોને ડરાવશે. આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે છેલ્લા ૧૦ વર્ષમાં ભારતમાં હૃદય રોગના કારણે મૃત્યુની સંખ્યામાં ૭૫%નો વધારો થયો છે. રિપોર્ટ અનુસાર, માત્ર વર્ષ ૨૦૧૯માં જ સમગ્ર વિશ્વમાં લગભગ ૧.૮૦ કરોડ લોકો હૃદયની બીમારીઓને કારણે મૃત્યુ પામ્યા છે. આમાંથી ૮૫ ટકા મૃત્યુનું કારણ માત્ર હાર્ટ એટેક છે. હાર્ટ સ્પેશિયાલિસ્ટના મતે હાર્ટ એટેકની સ્થિતિને 'મ્યોકાર્ડિયલ ઈન્ફાર્ક્શન' કહેવામાં આવે છે. આ એવી સ્થિતિ છે જ્યારે હૃદયના કોઈ ભાગમાં લોહીનો પુરવઠો બંધ થઈ જાય છે અને તેના કારણે ત્યાં લાંબા સમય સુધી લોહી અને ઓક્સિજન પહોંચી શકતું નથી. જેના કારણે તે કામ કરવાનું બંધ કરી દે છે અને વ્યક્તિનું મૃત્યુ થાય છે. હાર્ટ એટેકનું મુખ્ય કારણ સામાન્ય રીતે લોહીના ગંઠાવાનું સંચય છે. જેને બ્લડ ક્લોટિંગ પણ કહેવાય છે, જે ધમનીઓમાં ચરબી જમા થવાને કારણે થાય છે. આજકાલ, એવા ઘણા કિસ્સાઓ છે જ્યારે જીમમાં વર્કઆઉટ અથવા ડાન્સ કરતી વખતે યુવાનોને હાર્ટ એટેક આવે છે. આ અંગે આરોગ્ય નિષ્ણાતો કહે છે કે આજકાલ અજાણ્યા હૃદયરોગ, કોઈ યોગ્ય તાલીમ વિના વધુ પડતી અને ભારે કસરત, ડીહાઈડ્રેશન અને વધુ પડતા ઉત્તેજક અથવા કેફીનનું સેવન યુવાનોના હૃદયને નબળું પાડી રહ્યું છે અને તેમનામાં હાર્ટ એટેકની બીમારીઓ વધી રહી છે.

### ચૂંટણી પહેલા કોંગ્રેસ-AAPને ભાજપે આપ્યો ઝટકો

# અર્જુન ખાટરિયા સહિત ૪૦ આગેવાનો ભાજપમાં જોડાયા

## અર્જુન ખાટરિયા સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરોએ કેસરિયા કર્યા છે

અમદાવાદ, તા.૧૬

પૂર્વ વિરોધ પક્ષના નેતા અર્જુન ખાટરિયા ભાજપમાં જોડાયા છે.અર્જુન ખાટરિયા સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરોએ કેસરિયા કર્યા છે. ખાટરિયાની સાથે જિલ્લા પંચાયતના કોંગ્રેસના ૪ સભ્યો ભાજપમાં જોડાયા છે.

લોકસભા ચૂંટણી પહેલા કોંગ્રેસ-AAPને ભાજપ આપ્યો ઝટકો આપ્યો છે. પૂર્વ વિરોધ પક્ષના નેતા અર્જુન ખાટરિયા ભાજપમાં જોડાયા છે.અર્જુન ખાટરિયા સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરોએ કેસરિયા કર્યા છે.

ખાટરિયાની સાથે જિલ્લા પંચાયતના કોંગ્રેસના ૪ સભ્યો ભાજપમાં જોડાયા છે. તેમજ શારદા ધડુક, ગીતા સોમાણી, ગીતા ચાવડા, મીરા ભાલોડિયા કરશે પક્ષપલટો કર્યો છે. તેમજ લોધિકા, ઉપલેટા, વિછીંયા, ધોરાજીના ૨૫ જેટલા તાલુકા પંચાયતના સભ્યો ભાજપમાં જોડાયા છે. બીજી તરફ રાજકોટના ૧૫ સરપંચ અને ૧૫ સહકારી મંડળીના પ્રમુખો પણ ભાજપમાં જોડાયા છે.

### લોકસભાની ચૂંટણીને લઈને કોંગ્રેસના નેતાની સલાહ

# ૨૦૨૪માં ભાજપ સૌથી મોટા પક્ષ તરીકે ઊભરીને આવશે : થરૂર

## ગઠબંધનના દળોને વહેલી તકે શક્ય હોય તેટલા રાજ્યોમાં બેઠકોની વહેંચણી કરી લેવાની સલાહ આપી

નવી દિલ્હી, તા.૧૬

કર્ણાટકમાં મલ્લિકાર્જુન ખડગે સહિત કેટલાક દિગ્ગજ નેતા ચૂંટણી લડશે નહીં તેમ એક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે. કોંગ્રેસી સાંસદ શશી થરૂરે આગાહી કરી છે કે ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ) સૌથી મોટા પક્ષ તરીકે ઊભરી આવશે. થરૂરે એવો પણ મત વ્યક્ત કર્યો હતો કે ભાજપની બેઠકોને નોંધપાત્ર સંખ્યામાં મર્યાદિત રાખીને અને તેના સાથી દળોને એનડીએથી દૂર કરીને ભાજપને એકલો પાડીને કેન્દ્રમાં સત્તાથી વંચિત રાખી શકાય છે. થરૂરે ગઠબંધનના દળોને વહેલી તકે શક્ય હોય તેટલા રાજ્યોમાં બેઠકોની વહેંચણી કરી લેવાની સલાહ આપી છે.૮૧ વર્ષના મલ્લિકાર્જુન ખડગે અને એચ ડી દેવેગોડા બંને ૨૦૧૯માં લોકસભા ચૂંટણી હારી ગયા હતાં. ખડગે કાલાબુરગી અને દેવેગોડા તુમાકુરુ બેઠક પરથી હારી ગયા હતાં. ત્યારબાદ આ બંને નેતાઓને રાજ્યસભામાં મોકલવામાં આવ્યા હતાં. હવે બંને નેતાઓએ વધતી ઉંમરનું કારણ દર્શાવીને ચૂંટણી લડવાનો ઈનકાર કર્યો છે. ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે ફેબ્રુઆરીમાં ભાજપ નેતા યેદિયુરપ્પાએ પણ રાજકારણમાંથી સન્યાસ લેવાની જાહેરાત કરી હતી. આ ઉપરાંત ભાજપ સાંસદ શ્રીનિવા પ્રસાદ, જીએસ સાસવારાજુએ પણ ચૂંટણી નહીં લડવાની જાહેરાત કરી છે. બીજી તરફ ૭૦ વર્ષીય ડી વી સદાનંદગોડા, ૭૧ વર્ષીય રમેશ જિગાજિનાગી અને ૭૧ વર્ષીય જીએમ સિદ્દેશ્વરા ચૂંટણી લડશે કે નહીં તે હજુ સુધી નક્કી નથી. ભાજપની આગેવાની હેઠળના એનડીએની ૨૦૧૯ લોકસભામાં ૩૦૩ બેઠકો હતી અને હવે આગામી ચૂંટણીમાં ૪૦૦થી વધુ બેઠકો જીતવાનું તેનું લક્ષ્યાંક છે. ભાજપને પડકાર આપવા કોંગ્રેસ અને અન્ય ૨૭ વિરોધી પક્ષોએ ગઠબંધન રચ્યું છે.

થરૂરે સલાહ આપી છે કે ગઠબંધન પૂરતા રાજ્યોમાં બેઠકોની વહેંચણી કરે તો કેટલીક બેઠકો પરના પરાજય નિવારી શકાય. કેટલીક બેઠકોમાં વધુ મતભેદો હોય તો કદાચ ભાજપના ઉમેદવાર જીતી શકે પણ એનું જ નામ તો લોકશાહી છે.થરૂર કબૂલ કરે છે કે કેરળમાં સીપીઆઈ(એમ) અને કોંગ્રેસ વચ્ચે બેઠકોની વહેંચણી શક્ય નથી. જો કે તમિલ નાડુમાં સીપીઆઈ, સીપીઆઈ(એમ), કોંગ્રેસ અને ડીએમકે વચ્ચે ગઠબંધન છે અને શક્ય છે કે તેઓ આ ચૂંટણી પણ સાથે મળીને લડે. આઈએનડીઆઈ ગઠબંધનના દળો વચ્ચે અનેક રાજ્યોમાં બેઠકોની વહેંચણી બાબતે વાટાઘાટ ચાલી રહી છે પણ રાજકીય હરિફાઈને કારણે સહમતિ નથી બની રહી. બંગાળમાં મમતા બેનર્જીનો દાવો છે કે માત્ર તેનો પક્ષ જ ભાજપને હરાવી શકે, જ્યારે કોંગ્રેસી નેતા અધિર રંજન ચૌધરીએ દાવો કર્યો છે તે મમતાએ કોંગ્રેસને માત્ર બે જ બેઠકોની ઓફર કરી છે. પંજાબ અને દિલ્હીમાં પણ કોંગ્રેસ અને આપ વચ્ચે કટ્ટર હરિફાઈ છે પણ બેઠકોની વહેંચણી નથી કરવી તેવા શાબ્દિક પ્રહાર પછી બંને જણા નરમ પડયા છે અને કોંગ્રસના ચીફ મલ્લિકાર્જુન ખરગેને ગઠબંધનના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરાયા છે તો બીજી તરફ નિતીશે ગઠબંધનના કન્વીનર બનવાનો નનૈયો ભણી દીધો છે.

### ગુજકેટની પરીક્ષાને લઈ મહત્વની અપડેટ સામે આવી

# ગુજકેટના ફોર્મ ૨૨મી જાન્યુઆરી સુધી ભરી શકાશે

## અગાઉ છેલ્લી તારીખ ૧૬ જાન્યુઆરી જ નક્કી કરાઈ હતી

અમદાવાદ, તા.૧૬

ગુજકેટની પરીક્ષાને લઈ મહત્વની અપડેટ સામે આવી છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ડિગ્રી એન્જિનિયરીંગ, ડિગ્રી, ડિપ્લોમાં ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માગતા A, B અને AB ગ્રૂપના HSC વિજ્ઞાન પ્રવાહના ઉમેદવારો માટે ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ-૨૦૨૪ની પરીક્ષા માટેની માહિતી પુસ્તીકા અને ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૧૬ જાન્યુઆરી ૨૦૨૪ જ હતી, પરંતુ હવે તે તારીખ લંબાવવામાં આવી છે એટલે કે, હવે ૨૨મી જાન્યુઆરી સુધી ફોર્મ ભરી શકાશે આપને જણાવીએ કે, ગુજકેટ ૨૦૨૪ની પરીક્ષાનું આવેદનપત્ર બોર્ડની વેબસાઈટ www.gseb.org તથા gujca.gseb.org પર તારીખ ૨૨ જાન્યુઆરી સુધીમાં ઓનલાઈન ભરી શકાશે. અત્રે ફીની વાત કરીએ કો આ પરીક્ષા માટે ફી. રૂપિયા ૩૫૦ એસબીઆઈ પે સિસ્ટમ મારફતે અથવા તો એસબીઆઈ બ્રાન્ચ પેમેન્ટ ઓપ્શન દ્વારા દેશની કોઈ પમ એસબીઆઈ બ્રાન્ચની ભરી શકાશે

### રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને કોંગ્રેસના નેતાનું નિવેદન

# આરએસએસ-ભાજપે અયોધ્યા કાર્યક્રમને મોદીનો રાજકીય કાર્યક્રમ બનાવી દીધો : રાહુલ

## હિન્દૂ ધર્મના મુખ્ય લોકોએ પણ રામ મંદિરના ઉદઘાટન કાર્યક્રમ અંગે સવાલ કર્યા છે કે, ૨૨મીનો કાર્યક્રમ ચૂંટણીલક્ષી થઈ ગયો છે, તેથી કોંગ્રેસે ન જવાનો નિર્ણય કર્યો છે : કોંગ્રેસના નેતા

કોહીમા, તા.૧૬

ઉત્તરપ્રદેશના અયોધ્યામાં ૨૨ જાન્યુઆરીએ ભગવાન શ્રી રામનો પ્રાણપ્રતિષ્ઠા સમારોહ યોજાવના છે, તે પહેલા આજથી ધાર્મિક વિધિ પણ શરૂ થઈ છે.

આ કાર્યક્રમમાં સામેલ થવા દેશ-વિદેશના દિગ્ગજ અને પ્રતિષ્ઠિત મહાનુભાવોને આમંત્રણ અપાયું છે, ઉપરાંત વિપક્ષના નેતાઓને પણ આમંત્રણ પાઠવાયું છે, જોકે કોંગ્રેસ, ટીએમસી, સમાજવાદી પાર્ટી સહિતના કેટલાક પક્ષોએ સમારોહમાં સામેલ થવાનો ઈક્રાર કરી દીધો છે, ઉપરાંત ચારેય પીઠના શંકરાચાર્યોએ પણ પ્રાણપ્રતિષ્ઠાની શાસ્ત્રોક્ત વિધિ પર સવાલ ઉઠાવ્યા છે, ત્યારે કોંગ્રેસ ના નેતા રાહુલ ગાંધીએ પણ રામ મંદિરની પ્રાણપ્રતિષ્ઠા અંગે મોટું નિવેદન આપ્યું છે.

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ અયોધ્યામાં રામ મંદિરના પ્રાણપ્રતિષ્ઠા સમારોહ અંગે કહ્યું કે, આરએસએસઅને બીજેપીએ અયોધ્યાના કાર્યક્રમને સંપૂર્ણ વડાપ્રધાન મોદીનો રાજકીય કાર્યક્રમ બનાવી દીધો છે.

ભારત જોડો ન્યાય યાત્રા કરી રહેલા રાહુલ ગાંધીએ આજે નાગાલેન્ડના ઉત્તર પૂર્વીય રાજ્ય કોહિમામાં કહ્યું કે, 'હિન્દૂ ધર્મના મુખ્ય લોકોએ પણ રામ મંદિરના ઉદઘાટન કાર્યક્રમ અંગે સવાલ કર્યા છે કે, ૨૨મીનો કાર્યક્રમ ચૂંટણી લક્ષી થઈ ગયો છે, તેથી કોંગ્રેસે ન જવાનો નિર્ણય કર્યો છે. અમે તમામ ધર્મોનું સન્માન કરીએ છીએ, જોકે અમારી પાર્ટી અને ગઠબંધનમાંથી જે લોકો પણ ત્યાં જવા ઈચ્છે છે, જઈ શકે છે.'

રાહુલ ગાંધીએ ઈશારા-ઈશારામાં સ્પષ્ટ કહ્યું કે, 'હું કોંગ્રેસની ભારત જોડો ન્યાય યાત્રા દરમિયાન અયોધ્યા નહી જાઉ. હું યાત્રાના રૂટ પર જ રહીશ. હાલ ન્યાય યાત્રાના રૂટમાં અયોધ્યા નથી.'

### મેટ્રોપોલિટન કોર્ટે આપ્યો ચુકાદો

# જીગ્નેશ મેવાણી અને 30 અન્ય લોકોને ૨૦૧૭ના કેસમાં નિર્દોષ છોડયા

## ૨૦૧૭માં રાજ્ય સરકારની નીતિઓ વિરોધમાં ટ્રેન રોકવાનો આરોપ હતો

અમદાવાદ, તા.૧૬

ગુજરાતમાં એક મેટ્રોપોલિટન અદાલતે મંગળવારે કોંગ્રેસ ધારાસભ્ય જીગ્નેશ મેવાણી અને ૩૦ અન્ય લોકોને ૨૦૧૭ના કેસમાં નિર્દોષ છોડ્યા છે. તેમની ઉપર ૨૦૧૭માં રાજ્ય સરકારની નીતિઓ વિરોધમાં ટ્રેન રોકવાનો આરોપ હતો. મુખ્ય મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ પીએન ગોસ્વામીની અદાલતે કોંગ્રેસના દલિત નેતા મેવાણીને નિર્દોષ જાહેર કર્યો છે. અમદાવાદ પોલીસે ૨૦૧૭માં મેવાણી સહિત અન્ય પર ટ્રેન રોકો પ્રદર્શન કર્યું હતું. જેમાં ટ્રેન ૨૦ મિનિટ સુધી કાલૂપુર રેલવે સ્ટેશન પર ટ્રેન રોકવા મામલે મામલે દાખલ કરવમાં આવ્યો હતો. આ પ્રદર્શન રાજ્ય સરકારની નીતિઓ વિરૂદ્ધ કરવામાં આવ્યો હતો.

મેવાણી અને અન્ય ૩૦ની વિરૂદ્ધ ભારતીય દંડ સહિતાની વિવિધ કલમો દાખલ કરવામાં આવી હતી. ૩૧માંથી ૩૦ મહિલા હતી. જેમની વિરૂદ્ધ રેલવે એક્ટની કલમ ૧૫૩ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

વર્ષ ૨૦૨૧માં એક સત્ર અદાલતે મેવાણીને નિર્દોષ જાહેર કરવાનો ઈક્રાર કરી દીધો હતો. અત્રે જણાવીએ કે, ગત વર્ષે અમદાવાદના ઈનકમ ટેક્સ સર્કલ પર ૨૦૧૬માં બખોડો કરવા તેમજ જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડવાના કેસમાં નિર્દોષ જાહેર કરાયો હતો

### ૨૨ જાન્યુઆરીએ અયોધ્યામાં રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠામહોત્સવ

# મહેન્દ્રસિંહ ધોનીને અયોધ્યા મહોત્સવનું આમંત્રણ મળ્યું

## ધોની ઉપરાંત કોહલી, હરભજન સિંહ અને સચિન તેંડુલકરને પણ આ મહોત્સવમાં સામેલ થવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે

રાંચી, તા.૧૬

ભારતીય ટીમના પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીને ૨૨ જાન્યુઆરીના રોજ યોજાનાર રામ મંદિર પ્રાણ પતિષ્ઠા મહોત્સવ માટે અયોધ્યા આવવા આમંત્રણ આપવામાં આવ્યું છે. ધોનીને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) ના સહ-પ્રાંત સચિવ ધનંજય સિંહ તરફથી આ વિશેષ આમંત્રણ મળ્યું છે. હવે આ જોવું રસપ્રદ રહેશે કે ધોની આ મહોત્સવમાં ભાગ લેશે કે નહીં.

ભારતીય ટીમનો પૂર્વ કેપ્ટન એમએસ ધોની એવા ખેલાડીઓની યાદીમાં સામેલ થઈ ગયો છે જેમને ૨૨ જાન્યુઆરીના રોજ અયોધ્યામાં રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા માટે આમંત્રણ



આપવામાં આવ્યું છે. ધોની ઉપરાંત વિરાટ કોહલી, પૂર્વ ભારતીય સ્પિનર હરભજન સિંહ અને મહાન બેટ્સમેન સચિન તેંડુલકરને પણ આ મહોત્સવમાં સામેલ થવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. ધોનીને ગઈકાલે રાંચીમાં તેના નિવાસસ્થાને આમંત્રણ મળ્યું હતું. જ્યારે ધોનીને ઔપચારિક આમંત્રણ આપવામાં આવ્યું ત્યારે ભાજપના પ્રદેશ સંગઠન મહાસચિવ કર્મવીર સિંહ પણ હાજર હતા.શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે દેશના ૬,૦૦૦થી વધુ લોકોને આમંત્રણ મોકલ્યું છે. રામલલા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં ૨૨ જાન્યુઆરીએ દેશના જુદા-જુદા ક્ષેત્રના ઘણાં જાણીતા લોકોના સામેલ થવાની આશા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ આ મહોત્સવમાં સામેલ થશે. તેમના સિવાય ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સહિત ઘણા રાજ્યોના મુખ્યમંત્રીઓ અયોધ્યા પહોંચી શકે છે.

### વજૂખાનાની સફાઈ ન થવાને કારણે માછલીઓ મરી રહી છે

# જ્ઞાનવાપી કેસમાં સીલ કરેલા વિસ્તારના વજૂખાનાની સફાઈનો સુપ્રીમનો આદેશ

## સીલ કરેલા વિસ્તારમાં સફાઈની કામગીરી જિલ્લા મેજિસ્ટ્રેટની દેખરેખ હેઠળ કરવા સુચના

નવી દિલ્હી, તા.૧૬

સુપ્રીમ કોર્ટે જ્ઞાનવાપી કેસમાં સીલ કરેલા વિસ્તારમાં વજૂખાનાની સફાઈ કરવાનો આદેશ આપ્યો છે. આ મામલે હિન્દુ પક્ષ દ્વારા ૨ જાન્યુઆરીએ કોર્ટમાં અરજી દાખલ કરીને સીલ કરેલા વિસ્તારમાં વજૂખાનાને સાફ કરવાની પરવાનગી માંગી હતી.

હિન્દુ પક્ષે કહ્યું હતું કે વજૂખાનાની સફાઈ ન થવાને કારણે માછલીઓ મરી રહી છે.ઉત્તર પ્રદેશના વારાણસીમાં જ્ઞાનવાપી પરિસરમાં વજૂખનાની સફાઈ કરવામાં આવશે. સુપ્રીમ કોર્ટે આ માટે કહ્યું હતું કે સીલ કરેલા વિસ્તારમાં સફાઈની કામગીરી જિલ્લા મેજિસ્ટ્રેટ (ડીએમ)ની દેખરેખ હેઠળ થવી જોઈએ.

આ ઉપરાંત સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, 'જિલ્લા મેજિસ્ટ્રેટને સફાઈની કામગીરી દરમિયાન કોર્ટના અગાઉના આદેશને ધ્યાનમાં રાખવો.' અગાઉ સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે 'શિવલિંગને સુરક્ષિત રાખવું જોઈએ અને કોઈ પણ વસ્તુ સાથે છેડછાડ ન કરવી જોઈએ.' સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડની અધ્યક્ષતાવાળી બેંચમાં આ કેસની સુનાવણી થઈ હતી.

આ પહેલા ત્રીજી જાન્યુઆરીએ તેમણે અરજી પર વહેલી સુનાવણીની ખાતરી આપી હતી. વજૂખાનામાં માછલીઓ મૃત્યુ પામ્યા બાદ આ અરજી દાખલ કરવામાં આવી હતી.હિન્દુ પક્ષે પોતાની અરજીમાં કહ્યું હતુંકે ૧૨ થી ૨૫ ડિસેમ્બર, ૨૦૨૩ની વચ્ચે વજૂખાનાની માછલીઓ મૃત્યુ પામી હતી, જેના કારણે ખૂબ જ દુર્ગંધ આવવા લાગી છે.

આ સિવાય અરજીમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે, 'ત્યાં હાજર શિવલિંગ હિન્દુઓ માટે ખૂબ જ પવિત્ર છે અને તેને કોઈપણ પ્રકારની ધૂળ, ગંદકી અને મૃત પ્રાણીઓથી દૂર રાખવું જોઈએ. પરંતુ હાલમાં વજુખાનામાં માછલીઓ મૃત હાલતમાં જોવા મળી છે, જેના કારણે ભગવાન શિવમાં માનનારા ભક્તોની ભાવનાઓને ઠેસ પહોંચી રહી છે.

વર્ષ ૨૦૨૧ના ઓગસ્ટ મહિનામાં પણ દિલ્હીની પાંચ મહિલાઓએ બનારસની અદાલતમાં દાવો કર્યો કે જ્ઞાનવાપી મસ્જિદમાં શ્રુંગાર ગૌરી સહિતના વિવિધ હિન્દુ દેવી-દેવતાઓની મૂર્તિના અવશેષો છે.

અહીં હિન્દુઓને પૂજા-અર્ચનાની મંજૂરી આપવામાં આવે અને આ મૂર્તિઓને નુકસાન ન થાય તેની તકેદારી લેવામાં આવે.

૧૯૯૧ અને ૨૦૨૧માં થયેલી બંને અરજી જ્ઞાનવાપી મસ્જિદ તરીકે ઓળખાતી ઈમારત મૂળભૂત રીતે હિન્દુ મંદિર હોવાનો દાવો કરે છે અને તેનાં સમર્થનમાં કેટલાંક પુરાતત્વીય અને ઐતિહાસિક પૂરાવાઓ પણ રજૂ કર્યા છે.

### ઓસ્ટ્રેલિયન ઓપન ૨૦૨૪ના ત્રીજા દિવસે એક મોટો અપસેટ

# સુમિત નાગલે ઓસ્ટ્રેલિયન ઓપનના બીજા રાઉન્ડમાં પહોંચનારો પાંચમો ભારતીય

સિડની, તા.૧૬

ઓસ્ટ્રેલિયન ઓપન ૨૦૨૪ના ત્રીજા દિવસે એક મોટો અપસેટ સર્જાયો હતો. ભારતીય ટેનિસ ખેલાડી સુમિત નાગલે વિશ્વના ૨૭માં નંબરના કઝાકિસ્તાનના એલેકઝાન્ડર બુબ્લિકને ૬-૪, ૬-૨, ૭-૬થી હરાવીને પ્રથમ વખત ઓસ્ટ્રેલિયન ઓપનના બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો છે.

સુમિત નાગલ તેના ટેનિસ કરિયરમાં બીજી વખત કોઈ ગ્રાન્ડ સ્લેમના બીજા રાઉન્ડમાં પહોંચ્યો છે. સુમિત રમેશ કૃષ્ણન પછી ગ્રાન્ડ સ્લેમમાં ક્રમાંકિત ખેલાડીને હરાવનાર પ્રથમ ભારતીય બન્યો છે. વર્ષ ૧૯૮૮ના ઓસ્ટ્રેલિયન ઓપનમાં રમેશ કૃષ્ણને મેટ વિલેંડરને હરાવ્યો હતો. હવે ૩૫ વર્ષ બાદ સુમિત નાગલે ગ્રાન્ડ સ્લેમ મેન્સ સિંગલ્સમાં કોઈ ક્રમાંકિત ખેલાડીને હરાવનાર પ્રથમ ભારતીય બની ગયો છે.

સુમિત નાગલની જીત ભારતીય ટેનિસ માટે એક ઐતિહાસિક ક્ષણ છે. તે ઓસ્ટ્રેલિયન ઓપન સિંગલ્સના બીજા રાઉન્ડમાં પહોંચનાર પાંચમો ભારતીય પુરુષ ખેલાડી બની ગયો છે. આ જીત તેના આત્મવિશ્વાસમાં ચોક્કસપણે વધારો કરશે.

### અયોધ્યાના પૂજારી નારાજ થયા

# રામાયણનો રાવણ આજીજી કરતો રહ્યો, છતાં રામ ભક્તને મંદિરમાં પ્રવેશ ન મળ્યો

## રામાનંદ સાગરની 'રામાયણ'ના રાવણ ઉર્ફે અરવિંદ ત્રિવેદી અયોધ્યા પહોંચ્યા તો એક મંદિરના પૂજારી તેમના પર ગુસ્સે થઈ ગયા હતા

મુંબઈ, તા.૧૬

રામાનંદ સાગરની 'રામાયણ' લોકો માટે કોઈ સિરિયલ નથી તે એક અનુભવ છે જેના દ્વારા તેઓએ મર્યાદા પુરુષોત્તમ રામનું જીવન પડદા પર જોયું.

જ્યારે આ શો ટીવી પર ટેલિકાસ્ટ થતો હતો ત્યારે લોકો પોતાનું તમામ કામ છોડીને ટીવી સામે બેસી જતા હતા જાણે કે તેઓ ભગવાન રામ અને સીતાને અરુણ ગોવિલ અને દીપિકા ચીખલિયાના રૂપમાં રૂબરૂમાં જોવા જતા હોય.

સિરિયલના મુખ્ય પાત્રોને જેટલો પ્રેમ કરવામાં આવ્યો હતો તેટલી જ રાવણનું પાત્ર ભજવનાર અભિનેતા અરવિંદ ત્રિવેદીને નફરત કરવામાં આવી હતી.

અરવિંદ ત્રિવેદીએ રાવણનું પાત્ર પૂરા જોશથી ભજવ્યું હતું, જેના કારણે લોકો તેમને અસલી રાવણ માનવા લાગ્યા હતા. આનું પરિણામ તેમણે વાસ્તવિક જીવનમાં ભોગવવું પડ્યું હતું.

જો અહેવાલોનું માનીએ તો એકવાર અયોધ્યાના પૂજારીએ તેમને મંદિરમાં પ્રવેશવા દીધા ન હતા. જ્યારે તેઓ સંકટમોચન હનુમાનના દર્શન કરવા માટે હનુમાનગઢીના એક મંદિરમાં પહોંચ્યા ત્યારે મુખ્ય પૂજારીએ તેમને અંદર જવા દીધા ન હતા.

પૂજારીએ તેમને સિરિયલ 'રામાયણ'માં ભગવાન રામને રાવણના રોલમાં સારા અને ખરાબ કહેતા સાંભળ્યા હતા. જેનાથી અભિનેતા પ્રત્યે તેમની નફરત વધી ગઈ હતી. તેઓ ભૂલી ગયા હતા કે અરવિંદ ત્રિવેદીએ સિરિયલમાં માત્ર રાવણનું પાત્ર ભજવ્યું હતું.

અરવિંદ ત્રિવેદીએ પૂજારીને ભગવાન હનુમાનના દર્શન કરવા દેવા માટે ઘણી પ્રાર્થના કરી પરંતુ તેઓ પોતાની વાત પર અડગ રહ્યા. અભિનેતાને દર્શન કર્યા વિના ઘરે પરત ફરવું પડ્યું હતું. આ ઘટનાએ અરવિંદ ત્રિવેદીને હચમચાવી દીધા હતા. પ્રાયશ્ચિત કરવા માટે તેમણે પોના આખા ઘરની દીવાલો પર 'રામાયણ' માંથી દોહા અને ચોપાઈ લખાવી હતી.

અભિનેતાએ તેમના જીવનમાં ૩૦૦ થી વધુ ફિલ્મોમાં કામ કર્યું પરંતુ તેમને લોકપ્રિયતા ૧૯૮૭ની સીરિયલ 'રામાયણ'થી મળી. અરવિંદ ત્રિવેદી ઈન્દોરના વતની હતા. તેમણે 'સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન'ના વડા તરીકે પણ હોદ્દો સંભાળ્યો હતો. વર્ષ ૨૦૨૧માં ૮૨ વર્ષની વયે તેમણે આ દુનિયામાંથી વિદાય લીધી.

# અમરેલી ખાતે હિન્દ યુવા ગૃપ દ્વારા મકરસંક્રાંતિ પર્વે સેવાકાર્ય



દર વર્ષની પરંપરા મુજબ હિન્દ યુવા ગૃપ દ્વારા તાત્કાલિક હનુમાનજી મંદિર ચિતલ રોડ પર સ્લમ વિસ્તારના નાના બાળકો સાથે લાડુ ચીકી પતંગ ફિરકી સુખડી વેફર બિસ્કીટ ચોકલેટ કેક જેવી વિવિધ વસ્તુનું દાન પૂણ્યના આજના દિવસે વિતરણ કરવામાં આવ્યુ. આ તકે મંદિરના મહંત પૂ.શ્રી બાબુબાપુ, ધર્મેન્દ્રસિંહ સિસોદિયા, દિલાભાઈ, પલવારભાઈ તેમજ ગૃપના પ્રમુખ તેમજ અંકુર માવદીયા, પ્રશાંતભાઈ તથા ગૃપ મિત્રો તેમજ મંદિર પરિશરના તમામ સેવકોએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી આ તકે તમામ દાતાઓનો પ્રમુખ ઈશ્વરભાઈ રાજયગુરૂએ હૃદયપૂર્વક આભાર વ્યકત કર્યો હતો.

### ઘઉંના ભાવમાં ધીમા પગલે તેજી

## સૌરાષ્ટ્રમાં ચાલુ વર્ષે ઘઉંનુ અનેક ગણુ વાવતેર થયું

### ઘઉંના ભાવમાં સરેરાશ ૫૦ રૂપિયા જેવો વધારો નોંધાયો છે, ઘઉંના ભાવ વધતા ખેડૂતોમાં આનંદની લાગણી છે

અમરેલી, તા.૧૬

પહેલા ખેડૂતોને ઘઉંના સામાન્ય ભાવ મળતા હતાં. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી ઘઉંના સારા ભાવ મળી રહ્યા છે. જેના કારણે ઘઉંના વાવેતર વિસ્તારમાં વધારો થયો છે. અમરેલી જિલ્લામાં મોટાભાગના ખેડૂતોએ ચાલુ વર્ષે ઘઉંનું વાવેતર કર્યું છે. ઘઉંના વાવેતરને લાંબો સમય થઈ ગયો છે. ત્યારે બીજી તરફ ઘઉંના ભાવમાં ધીમા પગલે તેજી આવી રહી છે. છેલ્લા એક મહિનામાં ઘઉંના ભાવમાં ૫૦ રૂપિયા જેવો વધારો થયો છે. હાલ ભાવ વધતા ખેડૂતોમાં આનંદ છે. સૌરાષ્ટ્રના જુદા જુદા યાર્ડની વાત કરીએ તો રાજકોટ યાર્ડમાં ૧,૩૦૦ થી ૧૪૦૦ ગુણીની આવક નોંધાઈ હતી જ્યારે ૫૧૦ થી ૫૧૫ સરેરાશ ભાવ રહ્યા હતા. સારી ક્વોલિટીના ૫૫૦ થી ૬૧૦ રૂપિયા સુધી ભાવ બોલાયા હતા. ગોંડલ યાર્ડમાં ૧૩૦૦ ગુણીની આવક નોંધાઈ હતી. જેમાં લોકવનનો બજાર ભાવ ૪૫૦ થી ૬૧૨ રૂપિયા બોલાયો હતો. જ્યારે ટુકડાનો ભાવ ૫૫૦ થી ૭૨૬ રૂપિયા બોલાયો હતો. સુપરનો ભાવ ૬૫૦ રૂપિયા બોલાયો હતો. અમરેલી જિલ્લામાં મોટા ભાગના ખેડૂતોએ ઘઉંનું વાવેતર કર્યું છે. અમરેલી યાર્ડમાં એક અઠવાડિયાના ઘઉં લોકવનનો ભાવ સરેરાશ ૫૨૨થી ૬૦૫ રૂપિયા બોલાયો હતો. જ્યારે ટુકડાનો ભાવ ૫૧૨થી ૬૨૦ રૂપિયા સુધી બોલાયો હતો અને અંદાજીત એવરેજ ૩૦૦ ક્વિન્ટલની પ્રતિદિન આવક નોંધાઈ હતી. જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં ઘઉંની આવક થઈ હતી. લોકવન ઘઉંની ૫૫૦ થી ૫૮૦ રૂપિયા ભાવ બોલાયો હતો. સાથે જ ટુકડા ઘઉંનો ભાવ ૫૫૦ થી ૬૦૦ રૂપિયા સરેરાશ રહ્યા હતા. કોડીનાર યાર્ડમાં ઘઉંની આવક ૨૫૦ ગુણીની નોંધાઈ હતી. જેનો ભાવ ૪૭૦ થી ૬૨૨ રૂપિયા સુધી નોંધાયો હતો.

### તમામ નિફ્ટી ઇન્ડેક્સ લાલ નિશાનમાં બંધ થયા

## સેન્સેક્સમાં ૧૯૯ અને નિફ્ટીમાં ૬૯ પોઇન્ટનો ઘટાડો જોવા મળ્યો

### ટાઇટન, આઈટીસી, ટાટા સ્ટીલ અને મારુતિ સુઝુકીના શેરના ભાવમાં ઊછાળો, એચસીએલ ટેક, વિપ્રો, એનટીપીસી અને આરઆએલના શેર તૂટ્યા

મુંબઈ, તા.૧૬

શેરબજારનો કારોબાર મંગળવારે નબળાઈ સાથે સમાપ્ત થયો. બીએસઈસેન્સેક્સ ૧૯૯ પોઈન્ટ ઘટીને ૭૩,૧૨૮ ના સ્તરે બંધ થયો જ્યારે નિફ્ટી ૬૯ પોઈન્ટ ઘટીને ૨૨૦૨૮ ના સ્તર પર બંધ થયો. મંગળવારે શેરબજારમાં ટ્રેડિંગની શરૂઆત લાલ રંગમાં થઈ હતી, જ્યારે તેનો અંત પણ લાલ રંગમાં જ થયો હતો. મંગળવારે શેરબજારના ટ્રેડિંગ દરમિયાન, ટાટા સ્ટીલના શેર ૧.૬૬ ટકાના વધારા સાથે બંધ થયા જ્યારે ટાઈટનના શેર ૧.૫૩ ટકાના વધારા સાથે બંધ થયા. એચસીએલટેક અને વિપ્રોના શેરમાં લગભગ બે ટકાની નબળાઈ નોંધાઈ છે.

મંગળવારે તમામ નિફ્ટી ઈન્ડેક્સ લાલ નિશાનમાં બંધ થયા હતા. નિફ્ટી મિડકેપ ૧૦૦, બીએસઈ સ્મોલ કેપ, નિફ્ટી આઈટી અને નિફ્ટી બેંક ઈન્ડેક્સમાં નબળાઈ નોંધાઈ હતી. જો શેરબજારમાં ઉછાળો નોંધાતા શેરોની વાત કરીએ તો તેમાં ટાઈટન, આઈટીસી, ટાટા સ્ટીલ અને મારુતિ સુઝુકીના શેરનો સમાવેશ થાય છે, જ્યારે જે કંપનીઓને નુકસાન થયું છે તેમાં એચસીએલટેક, વિપ્રો, એનટીપીસીઅને આરઆએલના શેરનો સમાવેશ થાય છે.

શેરબજારનો કારોબાર મંગળવારે નબળાઈ સાથે સમાપ્ત થયો. જો આપણે શેરબજારના રોકાણકારોને મલ્ટિબેગર રિટર્ન આપતી કંપનીઓ વિશે વાત કરીએ તો, બ્રાન્ડ કોન્સેપ્ટ, એનએમડીસીલિમિટેડ, ટાટા મોટર્સ, દેવયાની ઈન્ટરનેશનલ, ઓએનજીસી, એચડીએફસીબેંક અને એક્સાઈડ ઈન્ડસ્ટ્રીઝના શેર ઉછળતા બંધ થયા જ્યારે આસીઆસીઆબેંક, કોટક મહિન્દ્રા બેંક, નેસ્લે, સ્ટોવ ક્રાફ્ટ, એચડીએફસી લાઈફ, ગ્લોબલ સ્પિરિટ, આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ લાઈફ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ઓમ ઈન્ફ્રા, પટેલ એન્જિનિયરિંગ, યુનિપાર્ટ્સ ઈન્ડિયા, કામધેનુ લિમિટેડ, એન્જિનિયર્સ ઈન્ડિયા અને જિયો ફાઈનાન્શિયલ સર્વિસિસના શેર નબળાઈ સાથે બંધ થયા છે.

ગૌતમ અદાણી ગ્રુપની તમામ ૧૦ લિસ્ટેડ કંપનીઓના શેર મંગળવારે નબળાઈ પર બંધ થયા હતા. એનડીટીવીના શેરમાં મહત્તમ ૨.૫૨ ટકાની નબળાઈ નોંધાઈ હતી જ્યારે અંબુજા સિમેન્ટ ૦.૫૧ ટકાના સૌથી ઓછા નુકસાન સાથે બંધ રહ્યો હતો.

### વાંકાનેરમાં બોગસ ટોલનાકા કેસની તપાસમાં મોટો ધડાકો

## ટોલનાકા કેસની તપાસમાં ભાજપના આગેવાન સહિત 3 આરોપીની ધરપકડ

### વાંકાનેર હાઈવે પર સિદસર ઉમિયાધામનાં પ્રમુખ જેરામભાઈનાં પુત્ર અમરશીભાઈ દ્વારા ફેક્ટરી ભાડે રાખી નકલી ટોલનાકુ શરૂ કરવામાં આવ્યું હતું

મોરબી, તા.૧૬

મોરબીનાં વાંકાનેરમાં બોગસ ટોલનાકા કેસની તપાસમાં પોલીસ દ્વારા ભાજપનાં આગેવાન સહિત ૩ આરોપીઓની ધરપકડ કરી હતી. પોલીસે ભાજપ નેતા ધર્મેન્દ્રસિંહ ઝાલા, યુવરાજસિંહ ઝાલા અને હિતેન્દ્રસિંહ ઝાલાની ધરપકડ કરી છે. બોગસ ટોલનાકા મામલે ૬ શખ્સો સામે ફરિયાદ નોંધાઈ હતી. ટોલનાકા કેસનાં મુખ્ય આરોપી અમરશી પટેલ હજુ પણ પોલીસ પકડથી દૂર છે. તેમજ અગાઉ ૨ આરોપીઓની ધરપકડ કરાઈ હતી. મોરબીનાં વાંકાનેર હાઈવે પર નકલી ટોલનાકા મામમલે પોલીસે રવિરાજસિંહ ઝાલા અને હરવિજયસિંહ ઝાલાની ધરપકડ કરી હતી. ત્યારે મોરબી-વાંકાનેર હાઈવે પર સિદસર ઉમિયાધામનાં પ્રમુખ જેરામભાઈનાં પુત્ર અમરશીભાઈએ ફેક્ટરી ભાડે રાખી નકલી ટોલનાકુ શરૂ કરવામાં આવ્યું હતું.

ત્યારે દોઢ વર્ષ સુધી નકલી ટોલનાકાથી કરોડો રૂપિયા ઉઘરાવનારા અમરશીભાઈ હજુ પોલીસ પકડથી દૂર છે. મોરબીનાં વાંકાનેરમાં વઘાસિયા ટોલનાકાની બાજુમાં છેલ્લા ઘણા સમયથી ગેરકાયદે ટોલનાકું ધમધમી રહ્યું છે. ત્યારે આ નેશનલ હાઈવે પરથી રોજનાં હજારો વાહનો પસાર થાય છે. ત્યારે કેટલાક વાહન ચાલકો ટોલ બનાવવા માટે બાજુનાં ગામમાંથી પસાર થાય છે. ત્યારે વાહન ચાલકોની આ કર ચોરી કરવાની ટેવનાં કારણે કેટલાક અસામાજી તત્વો દ્વારા કમાણી કરવાનો રસ્તો અપનાવ્યો છે. ત્યારે ટોલનાકા નજીક બંધ કારખાનામાંથી રસ્તો કાઢી ટોલ ઉઘરાવવામાં આવતો હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. મોરબીનાં વાંકાનેર વઘાસિયા ટોલનાકાની બાજુમાં ગેરકાયદે ટોલનાકું બનાવાયું હતું.

ત્યારે કેટલાક અસામાજીક તત્વો દ્વારા વ્હાઈટ હાઉસ સિરામિકનાં કારખાનામાંથી ગેરકાયદેસર રીતે રસ્તો બનાવાયો હતો. આ રસ્તા પર રવિરાજસિંહ અને હરવિંરસિંહ નામનાં બે શખ્શો ટોલનાકુ ચલાવતા હતા. કારખાનેદારની પણ આ ગેરદાયકે ટોલનાકું બનાવવામાં સંડોવણીની શક્યતા છે.

### એક મહિના માટે ભાવનગર ઇન્ટરસિટી ટ્રેન રદ

## ગાંધીગ્રામ-સાબરમતી વચ્ચે પસાર થતી ટ્રેન ૧૫ ફેબ્રુઆરી સુધી આંશિક રીતે રદ

### રેલવે સ્ટેશન ખાતે ચાલી રહેલી ટેકનિકલ કામગીરીને પગલે ટ્રેનોને બીજા રૂટ પર ડાયવર્ટ કરવામાં આવી રહી છે

અમદાવાદ, તા.૧૬

હાલ સાબરમતી રેલવે સ્ટેશન ખાતે ચાલી રહેલ ટેકનિકલ કારણોસર રેલવે વ્યવહારને અસર થવા પામી છે. જેને લીધે અનેક ટ્રેનોને અલગ અલગ રૂટ પર ડાયવર્ટ કરવામાં આવી છે. જેમાં સાબરમતીથી ઉપડતી ભાવનગર-સાબરમતી ઈન્ટરસિટી ટ્રેન તા. ૧૬ જાન્યુઆરીથી એક મહિનાં સુધી ગાંધીગ્રામ સ્ટેશનેથી ઉપડશે. જેનાં પગલે આ ટ્રેન ગાંધીગ્રામ અને સાબરમતી વચ્ચે રદ રહેશે.

૧૬ જાન્યુઆરી, ૨૦૨૪ થી ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધી, ટ્રેન નંબર ૨૦૯૬૫/૨૦૯૬૬ ભાવનગર – સાબરમતી - ભાવનગર ઇંટરસિટી એક્સપ્રેસ ભાવનગરથી ગાંધીગ્રામ અને ગાંધીગ્રામથી ભાવનગર વચ્ચે ચાલશે અને આ ટ્રેનનું આગમન-પ્રસ્થાન સાબરમતી સ્ટેશન પર થશે નહીં. @WesternRly @RailMinIndia @drmadiwr pic.twitter.com/HAQCQKVscR

તેમજ તા. ૧૬ જાન્યુઆરીથી ૧૫ ફેબ્રુઆરી સુધી ટ્રેન નંબ ૨૦૯૬૫/ ૨૦૯૬૬ ભાવનગર-સાબરમતી- ભાવનગર ઇંટરસિટી એક્સપ્રેસ ભાવનગરથી ગાંધીગ્રામ અને ગાંધીગ્રામથી ભાવનગર વચ્ચે દોડશે. અને આ ટ્રેનનું આગમન પ્રસ્થાન સાબરમતી સ્ટેશન પર નહીં થાય.ત્યારે મુસાફરોને મુશ્કેલીનો સામનો ન કરવો પડે તે માટે રેલવે વિભાગ દ્વારા અગાઉથી આ બાબતે જાહેરાત પણ કરવામાં આવી હતી. જેથી મુસાફરો સાબરમતી રેલવે સ્ટેશને આવીને ધક્કો ન ખાવો પડે.

### આતંકી પન્નુએ એક વીડિયો જારી કર્યો

## પંજાબના મુખ્યમંત્રી-ડીજીપીને પન્નુએ હત્યાની ધમકી આપી

અમૃતસર, તા.૧૬

પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનને જાનથી મારી નાખવાની ધમકી મળી છે. ખાલિસ્તાની આતંકી અને શીખ ફોર જસ્ટિસના સંસ્થાપક ગુરપતવંત સિંહ પન્નુએ ભગવંત માનને ધમખી આપી છે. એટલું જ નહીં પંજાબના ડીજીપી ગૌરવ યાદવને પણ જાનથી મારી નાખવાની ધમકી આપી છે.

અહેવાલો અનુસાર, એક વીડિયો જાહેર કરીને પન્નુએ કહ્યું 'પંજાબના ગેંગસ્ટરો મારો સંપર્ક કરો.' ખાલિસ્તાની આતંકવાદીએ ૨૬મી જાન્યુઆરીના ગણતંત્ર દિવસ પર વાતાવરણ બગાડવાની ધમકી આપી છે. પંજાબમાં ખાલિસ્તાનીઓ અને ગેંગસ્ટરો સામેની કાર્યવાહીથી પન્નુ સહિત અન્ય ગેંગસ્ટર અને ખાલિસ્તાની સમર્થકો હચમચી ગયા છે. મુખ્યમંત્રી ભગવંત માનને આપવામાં આવેલી ધમકી તેનું ઉદાહરણ છે. ઉલ્લેખનીય છે કે પંજાબ પોલીસે ગેંગસ્ટરો અને ખાલિસ્તાની આતંકવાદીઓ સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવી છે અને કેટલાક સમયથી ઝડપી કાર્યવાહી જોવા મળી રહી છે.

ખાલિસ્તાની ગુરપતવંત સિંહ પનુની આ ધમકી ૨૨મી જાન્યુઆરીએ અયોધ્યા રામ મંદિરમાં રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ પર ભારત સરકારને ધમકી આપ્યાના એક અઠવાડિયા બાદ આપી છે. પન્નુએ મુસ્લિમ સમુદાયને પણ આ કાર્યક્રમનો વિરોધ કરવા કહ્યું હતું.

### ગુજરાત યુનિવર્સિટીએ દાખલ કરેલા કેસમાં આપના સાંસદને રાહત

## ગુજરાત યુનિ. કેસમાં સાંસદ સંજયસિંહને વચગાળાની રાહત, ટ્રાયલ પણ સ્થગિત

### સુપ્રીમ કોર્ટની બેંચે કેસને ગુજરાત બહાર ટ્રાન્સફર કરવાના સંજય સિંહની વિનંતી પર વિચાર કરવાનો ઈન્કાર કરી દીધો

નવી દિલ્હી, તા.૧૬

સુપ્રીમ કોર્ટે ગુજરાત યુનિવર્સિટીએ દાખલ કરેલા બદનક્ષીના કેસમાં આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહને વચગાળાની રાહત આપી છે. સુપ્રીમ કોર્ટે ગુજરાત હાઈકોર્ટ દ્વારા પાઠવાયેલું સમન્સ ૪ અઠવાડિયા સુધી સ્થગિત રાખવાનો નિર્ણય કર્યો છે. ઉપરાંત તેમની વિરુદ્ધ ટ્રાયલ પણ હાલ પુરતી સ્થગિત કરાઈ છે.સર્વોચ્ચ અદાલતે કહ્યું કે, સંજય સિંહની વચગાળાની રાહત અપીલ પર ૪ અઠવાડિયામાં નિર્ણય લેવામાં આવે. જોકે ન્યાયાધીશ બીઆર ગવઈ અને ન્યાયાધીશ સંદીપ મેહતાની બેંચે કેસને ગુજરાત બહાર ટ્રાન્સફર કરવાના સંજય સિંહની વિનંતી પર વિચાર કરવાનો ઈંકાર કરી દીધો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ડિગ્રીના વિવાદને લઈ ગુજરાત યુનિવર્સિટી વિશે બેફામ, વાંધાજનક અને યુનિવર્સિટીની છબી ખરડાય તે પ્રકારના બદનક્ષીભર્યા નિવેદનો કરવાના પ્રકરણમાં આપના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને આપના સાંસદ સંજયસિંહ વિરુદ્ધ બદનક્ષીનો કેસ દાખલ થયો હતો. આ નેતાઓ વિરુદ્ધ ગુજરાત યુનિવર્સિટીએ બદનક્ષીની ફરિયાદ નોંધાવી હતી.

સંજય સિંહના વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીના જણાવ્યા મુજબ સંજય સિંહ વિરુદ્ધ સ્ટેની અપીલ ગુજરાત હાઈકોર્ટમાં પેન્ડિંગ છે, તેમ છતાં તેમને દોષિત ઠેરવવાનો અને તેમને રાજ્યસભાના સાંસદ તરીકે ગેરલાયક ઠેરવવાનો પ્રયાસ થઈ રહ્યો છે.સિંઘવીએ વધુમાં કહ્યું કે, યુનિવર્સિટીને રાજ્ય સરકાર દ્વારા ભંડોળ પુરુ પડાય છે અને તે કેન્દ્ર સરકારના નિયંત્રણમાં છે. સિંઘવીની દલીલ પર કોર્ટે કહ્યું કે, તમને ન્યાયાધીશ (ન્યાય) પર આશંકા ન હોવી જોઈએ, જેના પર સિંઘવીએ કહ્યું કે, આ આખા સિસ્ટમની વાત છે.

# કાચરડી ગામે ધારાસભ્ય જનક તળાવીયાની ઉપસ્થિતિમાં પૂજિત અક્ષિત કુંભનો સામૈયા સાથે સત્કાર



લાઠી તાલુકાના કાચરડી ગામે પૂજિત અક્ષિત કળશના સત્કાર સામૈયા કરવામાં આવ્યા હતા. લાઠી બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની ઉપસ્થિતિમાં અમરેલી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદ પ્રમુખ ઈતેશભાઈ મહેતા, લાઠી તાલુકા વિશ્વ હિન્દુ પરિષદ પ્રમુખ હર્ષદ વ્યાસ, લાઠી શહેર પ્રમુખ સહિત સમગ્ર જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદ ટીમની વિશાળ ઉપસ્થિતિમાં કાચરડી ગામને અયોધ્યા ભગવાનશ્રી રામચંદ્રજીની મૂર્તિ પ્રતિષ્ઠા માટે સર્વને વિસ્તૃત માર્ગદર્શન સાથે અવગત કરાયા હતા. સમગ્ર કાંચરડી ગામમાં વૃદ્ધ, મહિલા, સ્થાનિક યુવાનો, આગેવાનોમાં અદમ્ય ઉત્સાહ સ્વાગત કરતા શ્રદ્ધાળુ ભાવિકોએ અક્ષિત કુંભના દર્શન પૂજન અર્ચન કર્યા. જય જય શ્રીરામનો જયઘોષ કરી સંપૂર્ણ કાંચરડી ગામ રામના જય જય કારથી ગુંજી ઉઠયું હતું.

# અમરેલીની રોકડીયાપરા પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીઓને ટેબલેટ વિતરણ



અમરેલી શહેરમાં કાર્યરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમરેલી સંચાલિત કાર્યરત પ્રાથમિક શાળાઓ પૈકી રોકડિયાપરા પ્રાથમિકશાળા સ્કૂલ ઓફ એકસેલન્સમાં પસંદ થયેલ હોય, આ બંને શાળામાં ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓને ડીઝીટલ માધ્યમથી બાળકો પણ સારી રીતે અભ્યાસ કરી શકે તે હેતુથી આધુનિક સ્માર્ટ ડીજીટલ બોર્ડ સરકાર દ્વારા આપવામાં આવ્યા હોય. જેનું અનાવરણ ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીના હસ્તે કરવામાં આવ્યુ, તેમજ વિદ્યાર્થીઓને સ્માર્ટ ડીજીટલ અભ્યાસમાં મદદરૂપ થાય એ માટે એઆઈએફના સહયોગથી ધો. ૭ના વિદ્યાર્થીઓનો ટેબલેટ વિતરણનો કાર્યક્રમ યોજાયો. જેમાં નગર પાલિકાના પ્રમુખ બીપીનભાઈ લીંબાણી, પ્રદેશ યુવા મોરચા ઉપાધ્યક્ષ મનીષભાઈ સંઘાણી, જિલ્લા ખરીદ વેચાણ સંઘના જયંતીભાઈ પાનસુરીયા, શહેર ભાજપ પ્રમુખ ભાવેશભાઈ સોઢા, તાલુકા ભાજપના પ્રમુખ ઘનશ્યામભાઈ ત્રાપસીયા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ચેરમેન તુષારભાઈ જોષી, નગર શિક્ષણ સમિતિના વાઈસ ચેરમેન દામજીભાઈ ગોલ, શાસનાધિકારી એ. એચ. જોષી, દંડક દિલાભાઈ વાળા, શાસક પક્ષ નેતાના પ્રતિનિધિ વિશાલભાઈ ઠાકર, સમિતિના સભ્ય રસિકભાઈ પાથર, સભ્ય અશ્વિનભાઈ કાનાણી, એ.આઈ.એફ.નાં પ્રતિનિધિ રવિભાઈ, આચાર્ય, શિક્ષકઓ, વાલીગણ, એસ.એમ.સી સભ્યો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં. તેમ નગર પ્રાથમિક શિક્ષણ સમિતીની યાદી જણાવે છે.


### તાલુકા ભાજપનાં અગ્રણી સુરેશભાઈ ધાખડા દ્વારા

## બાબરા તાલુકાનાં વિવિધ પ્રશ્નો બાબતે સરકારમાં રજૂઆત કરાઈ

### રેશનકાર્ડ તેમજ આવાસ યોજનાની સહાયમાં વધારો કરો

બાબરા, તા. ૧૬

બાબરા તાલુકા ભાજપ અગ્રણી સુરેશભાઈ ધાખડા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજનામાં સહાયમાં વધારો કરવા તેમજ રેશનકાર્ડમાં નામ સુધારો કરવા અને ચડાવવા બાબતે હળવા નિયમો કરવા રાજય સરકારમાં મુખ્યમંત્રીને પત્ર પાઠવી રજુઆત કરવામાં આવી છે.



સુરેશભાઈ ધાખડાએ રાજય સરકારને પત્ર પાઠવી રજુઆત કરવામાં આવી છે કે, બાબરા તાલુકામાં રેશનકાર્ડમાં પહેલા દીકરીઓના નામ ચડાવવા કે સુધારો કરવામાં માત્ર નામ કમિનો દાખલો તેમજ પિતાનું આધારકાર્ડ આપવાથી રેશનકાર્ડમાં નામ ચડી જતું હતું પણ હાલ અઘરા નિયમોના કારણે પતિનું આધારકાર્ડ પ્રમાણે મહિલાનું આધારકાર્ડ માંગવામાં આવે છે. જેનું સુધારા કરવા જતાં ચૂંટણી કાર્ડ માંગવવા આવે. આમ એક મહિલા આટલું બધું ભેગું કરવા જતાં ઘણો બધો સમય નીકળી જાય છે જેના બદલે પહેલાની જેમ માત્ર નામ કમિના દાખલા પ્રમાણે નામ ચડાવવા આવે તો લોકોને રાહત મળી શકે તેમ છે.

પ્રધાનમંત્રી આવાસ યોજનામાં લાભાર્થીઓને વધારો આપવા બાબતે રજુઆત કરતા જણાવ્યું હતું જે શહેરમાં સાડા ત્રણ લાખ રૂપિયાની સહાય મળે છે જે ગ્રામ્ય કક્ષાએ માત્ર એક લાખ વિસ હજાર જેટલી મળી રહી છે જે ખુબજ વિસંગતતા છે. ત્યારે અહીં લાભાર્થીને પોતાનાં ઘરનું ઘર બનાવવા ખાનગી ધોરણે નાણાં લેવાની જરૂર પડે છે આગળ ખુબજ મુશ્કેલીઓ ઉભી કરે છે. ત્યારે લોકોને પોતાના ઘરનું ઘર મળે તે માટે આવાસ યોજનામાં પૂરતી સહાય આપવામાં આવે તેવી રજુઆત કરવામાં આવી છે.

પાના ૧ ઉપરનું ચાલું **''ફરી એકવાર મોદી સરકાર''**

આ કાર્યક્રમમાં જીલ્લા પંચાયત પ્રમુખ ભરતભાઈ સુતરીયા, જીલ્લા ભાજપ મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયા, ભાજપ અગ્રણી મુકેશભાઈ સંઘાણી, લોકસભા વિસ્તારક શૈલેન્દ્રસિંહ જાડેજા, પ્રદેશ બક્ષીપંચ મોરચાના મયુરભાઈ માંજરીયા, જલ્પેશભાઈ મોવલીયા, શહેર ભાજપ પ્રમુખ ભાવેશભાઈ સોઢા, શહેર મહામંત્રી રાજેશભાઈ માંગરોળી, તાલુકા ભાજપ પ્રમુખ ઘનશ્યામભાઈ ત્રાપશીયા, તાલુકા પંચાયત પ્રમુખ કિશોરભાઈ કાનપરિયા, નગરપાલિકા પ્રમુખ બિપીનભાઈ લીંબાણી, વોલ પેઈન્ટિંગ મૌલિકભાઈ ઉપાધ્યાય, કેતનભાઈ ઢાંકેચા, કાળુભાઈ ફીંડાળીયા, કરશનભાઈ ચૌહાણ, અરવિંદભાઈ ચાવડા, સંજયભાઈ રામાણી, વિપુલભાઈ દુધાત, સુરેશભાઈ પાથર, જીતુભાઈ ડેર, રેખાબેન માવદીયા, અલ્કાબેન ગોંડલીયા, રંજનબેન ડાભી, જતીનભાઈ સાવલીયા, દર્શનભાઈ આખજા, સંદીપભાઈ ત્રિવેદી, મંથનભાઈ જોષી, તુષારભાઈ વાણી, કિશનભાઈ શીલુ, ભાવેશભાઈ વાળોદરા, ગૌરવભાઈ મહેતા, દીપકભાઈ બાંભરોલીયા, અનિલભાઈ રાધનપરા, નિલેશભાઈ ધાધલ, જીજ્ઞેશભાઈ દાફડા, રજાકભાઈ કચરા, પારસભાઈ મકવાણા, વિશાલભાઈ દેવમુરારી, રાજુભાઈ વ્યાસ આમ અમરેલી જીલ્લા ભાજપ હોદેદારો, અમરેલી જીલ્લા પંચાયત સદસ્યો, અમરેલી શહેર ભાજપ હોદેદરો, અમરેલી નગરપાલિકા સદસ્યો, અમરેલી તાલુકા ભાજપ હોદેદારો, અમરેલી તાલુકા પંચાયત સદસ્યો તથા મોટી સંખ્યામાં ભારતીય જનતા પાર્ટી કાર્યકર્તાઓ જોડાયેલ હતા.

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૯૩ | ૧૩૦૫ |
| ૨ | શિંગ મોટી | ૮૫૮ | ૧૩૮૫ |
| ૩ | તલ સફેદ | ૨૨૦૦ | ૩૫૧૦ |
| ૪ | તલ કાળા | ૨૧૦૦ | ૩૨૩૦ |
| ૫ | તલ કાશ્મીરી | ૧૬૯૦ | ૪૧૮૨ |
| ૬ | બાજરો | ૪૫૩ | ૪૮૪ |
| ૭ | જુવાર | ૪૯૨ | ૯૧૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૧૧ | ૬૨૪ |
| ૯ | ઘઉં લોકવન | ૫૨૫ | ૬૦૫ |
| ૧૦ | ચણા | ૯૦૦ | ૧૧૫૨ |
| ૧૧ | ચણા દેશી | ૧૦૫૯ | ૧૦૫૯ |
| ૧૨ | તુવેર | ૧૦૦૦ | ૧૯૪૦ |
| ૧૩ | કપાસ | ૯૮૦ | ૧૪૫૫ |
| ૧૪ | એરંડા | ૧૦૪૫ | ૧૦૯૫ |
| ૧૫ | ધાણા | ૧૨૨૦ | ૧૨૨૦ |
| ૧૬ | અજમા | ૧૫૪૦ | ૨૪૭૫ |
| ૧૭ | સોયાબીન | ૮૦૦ | ૮૯૬ |
| ૧૮ | મરચા લાંબા | ૧૦૦૦ | ૪૦૦૦ |
| ૧૯ | સુર્યમુખી | ૬૫૦ | ૬૫૦ |


**પોલીસી ખોવાયેલ છે**

હું સાદીકોડ જોહરભાઈ યુસુફ અલી નામની SBI Life Smart Privilege પોલીસી નંબર 2B542172710 ખોવાયેલ છે, જો કોઈને મળે તો નીચેના સરનામા પર જાણ કરવા વિનંતી.

C/O, SADIKOT JOHARBHAI VANJA VAD
BAGASARA, AMRELI - 365440, GUJARAT,
Mo. 89994 41051

''અમરેલી એકસપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭


પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીનાં માર્ગો ઉપરથી**

બની છે.

દેશનાંલોકપ્રિયપ્રધાનમંત્રી અવારનવાર તેમનો ગૌ–પ્રેમ દર્શાવી રહ્યા છે. ગૌ–માતાને ઘાસચારાનું વિતરણ કરતાં હોય તેવા દ્રશ્યો બે દિવસ પહેલા જ મીડિયામાં જોવા મળ્યા હતા. પ્રધાનમંત્રી તેમનો ગૌ–પ્રેમ દર્શાવીને તેમનાં કરોડો પ્રશંસકોને પરોક્ષ સંદેશ આપે છે કે ગૌ–માતાની મદદ કરો, તેને સુરક્ષિત કરો. પરંતુ તેની કોઈ અસર પ્રધાનમંત્રીનાં નામે સત્તારૂઢ થયેલ શાસકોમાં થતી જોવા મળતી નથી.

અમરેલીશહેરમાંએકતરફ ચારે દિશામાં ગંદકીનો માહોલ જોવા મળે છે. ઠેકઠેકાણે ઉકરડાનાં ગંજ જોવા મળે છે તેમાં ગૌ–માતા ખાખા–ખોળા કરીને પ્લાસ્ટીક કે અન્ય અખાદ પદાર્થ પેટમાં પધરાવીરહીછેછતાંએકપણગૌ–ભકત કેસત્તાધારીને ગૌ–માતાની દયા આવતી નથી.

બીજી તરફ અવારનવાર આખલાઓ વચ્ચે ઘમાસાણ કે રખડુ શ્વાન શહેરીજનોને દોડાવતા જોવા મળી રહ્યા છે. શહેરીજનો રખડુ શ્વાનથી તોબા પોકારી ચુકયા હોય શાસકોને શહેરીજનોની સમસ્યાનો માર્ગ મળતો નથી કે સમસ્યા દૂર કરવાની ઈચ્છાશકિત નથી તે બાબત શહેરીજનોને સમજાતી નથી.

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૧૪૫ | ૧૪૬૫ |
| ૨ | મગફળી | ૧૨૧૮ | ૧૩૧૨ |
| ૩ | ચણા | ૯૧૦ | ૧૦૨૦ |
| ૪ | ઘઉં | ૪૫૮ | ૫૫૨ |
| ૫ | તુવેર | ૧૪૮૫ | ૧૬૨૫ |
| ૬ | સોયાબીન | ૮૧૮ | ૮૯૨ |
| ૭ | અડદ | ૧૪૫૦ | ૧૬૬૦ |

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૫૧ | ૧૩૧૧ |
| ૨ | શીંગ મોટી | ૧૨૦૦ | ૧૩૫૧ |
| ૩ | તલ સફેદ | ૨૬૦૦ | ૩૦૧૧ |
| ૪ | તલ કાળા | ૨૫૦૦ | ૨૮૫૦ |
| ૫ | જીરૂ | – | ૫૫૦૦ |
| ૬ | કપાસ | ૧૨૨૦ | ૧૪૫૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૯૦ | ૬૦૭ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૨૫ | ૬૩૦ |
| ૯ | બાજરો | ૪૦૦ | ૫૦૦ |
| ૧૦ | મકાઈ | – | ૫૪૩ |
| ૧૧ | ચણા | ૮૫૦ | ૧૦૨૫ |
| ૧૨ | સોયાબીન | ૮૫૦ | ૯૦૦ |
| ૧૩ | તુવેર | ૧૬૦૦ | ૧૯૫૪ |
| ૧૪ | એરંડી | ૧૦૫૨ | – |

### કોઠારીયા રાઉન્ડનાં સોનારીયા નજીકથી

## ઉનાથી રાજકોટ તરફ જતાં ટ્રકમાંથી ૧૭ ટન લાકડાનો શંકાસ્પદ જથ્થો ઝડપાયો

### એડવાન્સ રીકવરી પેટે ૧૦ હજાર વસુલ થયા

અમરેલી, તા. ૧૬

કોઠારીયા રાઉન્ડના કાર્યક્ષેત્રમાં આવતા સોનારીયા ગામની ફાટક નજીકથી ઉનાથી રાજકોટ તરફ જતા એક ટ્રક જીજે ૧૪ એટી ૫૬૯૭ વનવિભાગે શંકાના આધારે તપાસ કરતા આ ટ્રકમાં ગેરકાયદેસર રીતે અંદાજીત ૧૭ ટન લાકડા ભરેલ હોય, વનવિભાગે ગેરકાયદેસર રીતે વાહનમાં હેરફેર કરતા હોવાનો ગુન્હો પકડી પાડેલ હતો. જેમાં આરોપી ઓસમાણ હબીબ કચરાની પુછપરછ કરતાં તેઓ પાસે કોઈપણ જાતની પાસ પરમીટ કે કોઈ પણ જાતની પરવાનગી ન મળતાં કોઠારીયા રાઉન્ડ ગુન્હા નં /૧૫/ ૨૦૨૩–૨૪ તારીખ ૧૩/૧/૨૪ થી ગુન્હો નોંધી એડવાન્સ રિકવરી પેટે



રૂપિયા ૧૦૦૦૦ વસુલ કર્યા હતા. તેમ વનવિભાગની યાદીમાં જણાવાયું છે.

પાના ૮ ઉપરનું ચાલું **રાજુલામાં મોબાઈલ ટાવર**

પકડી પાડવા સુચના અને માર્ગદર્શન પોલીસ અધિક્ષક હિમકર સિંહે આપેલ હોય. જે અન્વયે સાવરકુંડલા ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક એચ.બી. વોરાએ જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે રાજુલા પોલીસ સ્ટેશન ઈ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૦ મુજબનો ગુન્હો રજી. થયેલ હોય. તપાસ પોલીસ ઈન્સ્પેકટર આઈ.જે. ગીડા દ્વારા કરવામાં આવેલ અને આ કામનાં આરોપી ઘનશ્યામભાઈ લક્ષ્મણભાઈ પટેલ (રહે. આદર્શ ટાઉનશીપ મયુર કોમ્પલેક્ષ, સલથાણા સુરત શહેર) નામથી ઈ–ગુજકોપમા સર્ચ કરતા આરોપી વિરૂધ્ધ સુરત ગ્રામ્ય પોલીસ સ્ટેશન વિસ્તારમા આવા જ પ્રકારના કુલ–૩ ગુન્હાઓ દાખલ થયેલ હોય. જેથી આ કામના આરોપી લાજપોર મધ્યસ્થ જીલ્લા જેલ સુરત ખાતે કસ્ટડીમાં હોય જે આરોપીનો ટ્રાન્ફર વોરંટથી કબ્જો મેળવી રાજુલા પોલીસ સ્ટેશન લાવી આરોપી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી આરોપીને અટક કરી રાજુલા કોર્ટમા રિમાન્ડ માટે રજુ કરતા કોર્ટમાંથી આરોપીના દિન –૦૭ ના રિમાન્ડ મેળવી રિમાન્ડ પરના આરોપીની સઘન અને યુકતી પ્રયુકતીથી ઉંડાણપુર્વક તપાસના કામે પુછપરછ કરી સદરહુ ગુન્હાના કામના આરોપીને તપાસના કામે સુરત ખાતે લઈ જઈ સદરહુ ગુન્હાના કામે ગયેલ રૂપિયા પૈકી રૂપિયા ૧૭,૦૦,૦૦૦ રિકવર કરી કબ્જે કરવામાં આવેલ છે.

### ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૧ | ૧૪૬૦ |
| ૨ | મગફળી | ૧૧૨૫ | ૧૩૨૦ |
| ૩ | ચણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૪ | બાજરો | ૪૫૬ | ૪૮૦ |
| ૫ | તુવેર | ૧૫૨૬ | ૧૯૦૧ |
| ૬ | એરંડા | ૮૦૦ | ૮૦૦ |

### લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૨૬ | ૧૪૫૮ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૯૮૩ | ૧૦૦૦ |

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૩૧ | ૧૪૨૫ |
| ૨ | ઘઉં | ૪૮૫ | ૫૬૧ |
| ૩ | ચણા | ૯૫૦ | ૯૫૦ |
| ૪ | ધાણા | ૧૨૪૨ | ૧૨૫૨ |
| ૫ | તુવેર | ૧૪૯૫ | ૧૮૦૧ |
| ૬ | સોયાબીન | ૮૬૨ | ૮૬૫ |
| ૭ | સફેદ ચણા | ૧૦૮૫ | ૧૦૮૫ |
| ૮ | રાઈ | ૧૧૦૦ | ૧૧૦૦ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૪૪૫ |
| ૨ | ચણા | ૭૧૫ | ૧૦૫૦ |
| ૩ | મગફળી | ૯૬૫ | ૯૬૫ |
| ૪ | તુવેર | ૧૪૭૫ | ૧૪૭૫ |
| ૫ | બાજરો | ૫૦૦ | ૫૦૭ |
| ૬ | ઘઉં લોકવન | ૫૦૩ | ૫૮૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૯૫ | ૫૮૦ |
| ૮ | તલ સફેદ | ૨૭૦૦ | ૨૭૨૫ |
| ૯ | સોયાબીન | ૮૨૫ | ૮૨૬ |
| ૧૦ | શીંગદાણા | ૧૩૦૫ | ૧૩૦૫ |

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૦૦ | ૧૧૫૦ |
| ૨ | તલ સફેદ | ૨૮૫૧ | ૨૯૦૦ |
| ૩ | કપાસ | ૧૦૫૦ | ૧૪૧૫ |
| ૪ | બાજરો | ૪૦૦ | ૫૫૭ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૩૩ | ૬૦૧ |
| ૬ | જુવાર | ૫૩૦ | ૧૦૬૧ |
| ૭ | મકાઈ | ૫૨૮ | ૫૨૮ |
| ૮ | અડદ | ૨૧૦૧ | ૨૧૦૧ |
| ૯ | તુવેર | ૧૫૦૦ | ૧૮૬૨ |
| ૧૦ | ચણા | ૭૦૦ | ૧૦૦૭ |
| ૧૧ | સોયાબીન | ૮૬૦ | ૮૮૭ |

# અમરેલી જિલ્લાનાં ૪૦ મંત્રી/મેનેજરોનાં ૩ દિવસીય તાલીમનું નવી દિલ્હી ખાતે સમાપન થયું



અમરેલી ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘના સહયોગથી અને અમરેલી જીલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ અમરેલી જીલ્લા સહકારી સંઘ દ્વારા અમરેલી જીલ્લાના ૪૦ મંત્રી/મેનેજરોને ૩ દિવસીય લીડરશીપ તાલીમ પ્રોગ્રામમાં મોકલવામાં આવેલ. જેનો સમાપન સમારોહ યોજાયો હતો. જેમાં અમરેલી જીલ્લાના ૪૦ સદસ્યો દ્વારા ભાગ લેવામાં આવેલ. જેઓને ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘના અરૂણકુમાર, હેમંત યાદવ, પ્રીતિજી દ્વારા તમામ સહભાગીઓને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યાં હતાં.

### સંસ્થાનાં અમૃત મહોત્સવ નિમિત્તે

## બાબાપુર ખાતે સરસ્વતિ મંદિર ખાતે નવપલ્લવન કાર્યશિબિર યોજાઈ

### ૧૨૫ જેટલા શિક્ષકો અને અધ્યાપનની બહેનો જોડાઈ

અમરેલી, તા. ૧૬

શ્રી સર્વોદય સરસ્વતી મંદિર બાબાપુરમાં ''નવપલ્લવન કાર્યશિબિર'' યોજાઈ ગઈ.

શ્રી સર્વોદય સરસ્વતી મંદિર બાબાપુર સંસ્થાના 'અમૃત મહોત્સવ' અંતર્ગત સંસ્થા સંચાલિત શાળાના ૧૨૫ જેટલા શિક્ષકો તથા અધ્યાપનની બહેનો માટે નવપલ્લવન કાર્યશિબિર તા. ૧૨/૧/ ૨૪ ના રોજ યોજવામાં આવી હતી.

શિબિરમાં વકતા તરીકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ડિન ડો. નીદિતભાઈ બારોટ, લોકભારતી યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર વિશાલભાઈ ભાદાણી તથા પ્રયોગ દ્વારા શિક્ષણને જીવન અર્પનાર પાર્થેશ ભાઈ પંડયાએ મનનીય વકતવ્ય આપ્યા હતા.



તસ્વીર : હસમુખ રાવળ–બાબાપુર

સંસ્થાના મોભી કાર્યકર મુકુંદભાઈ મહેતાએ મહેમાનોનું સ્વાગત કરી ડો.નિદિતભાઈ બારોટનો પરિચય આપ્યો હતો. ડો. નિદિતભાઈએ વિદ્યાર્થીઓના ભાવિ અભ્યાસ માટેના જુદાં જુદાં કોર્ષ, યુનિવર્સિટીની માહિતી વિદ્યાર્થીની શકિત ઓળખી તે મુજબ માર્ગદર્શન આપવાની શીખ આપી તેમજ શિક્ષકોને જણાવ્યું કે શિક્ષણમાં પરિવર્તન નવી નીતિથી નહીં પણ વ્યકિત નીતિથી આવે છે. જયંતભાઈ જોષીએ વિશાલભાઈ ભાદાણીનો પરિચય આપ્યો હતો. વિશાલભાઈ ભાદાણીએ સાહસ, વાચનવૈવિધ્ય અને જિંદાદિલી સાથેના પરિવર્તનથી પોતાની જાતને ને સમાજને બદલવાનો તે જ શિક્ષક ટકે તેમ જણાવી શિક્ષકોનો ઉત્સાહ વધાર્યો હતો. બપોર પછીના સેસનમાં ધર્મેન્દ્રભાઈ કનાલાએ પાર્થેશભાઈ પંડયા દ્વારા બાળકોને સમજી ઓળખી માર્ગદર્શન આપવાની વાત સાથે સાથે પ્રશ્નોત્તરી તથા પ્રવૃત્તિ કરાવી હતી. સેશનના અંતમાં ડો. વસંતભાઈ પરીખ દ્વારા આશીર્વચન સાથે પ્રેરક વાતો કરી હતી. આભારવિધિ રેખાબેન મિયાણી દ્વારા કરવામાં આવી હતી. ઉદઘોષક તરીકે ધર્મેન્દ્રભાઈ કનાલાએ કાર્યક્રમનું સુપેરે સંચાલન કર્યું હતું. સંસ્થાના નિયામક મંદાકિનીબેન જી. પુરોહિતની પ્રેરક ઉપસ્થિતિમાં શ્રી પોસ્ટ બેઝિક હાઈસ્કૂલ તેમજ અધ્યાપન મંદિરના સ્ટાફ તેમજ વિદ્યાર્થી ભાઈ–બહેનોએ, સૌએ શિબિર વ્યવસ્થામાં સક્રિય ભાગ લઈ શિબિર સફળ બનાવવાનો સંનિષ્ઠ પ્રયાસ કર્યો હતો.

### આગામી ૨૨ જાન્યુઆરીનાં રોજ

## ચરખડીયા ખાતે સાંસદ દ્વારા સમુહ ભોજન કાર્યક્રમ યોજાશે

### સાફ, સફાઈ, રામધુન સહિતનાં કાર્યક્રમો યોજાશે

અમરેલી, તા. ૧૬

આગામી તા. ૨૨મી જાન્યુઆરીના રોજ રામ જન્મભુમિ અયોધ્યા ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને પુજય સંતો–મહંતો અને મહાનુભાવોની ઉપસ્થિતીમાં રામ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાનાર છે, ત્યારે અમરેલીના સાંસદ નારણભાઈ કાછડીયાની આગેવાનીમાં તેમના વતન ચરખડીયા, તા. સાવરકુંડલા ખાતે પણ ધુમાડા બંધ જમણવાર સહ વિવિધ કાર્યક્રમો યોજાશે.આ તકે સાંસદએ જણાવેલ છે કે, શ્રધ્ધાળુઓની વર્ષો જુની આસ્થા ૨૨ જાન્યુઆરીના રોજ પરીપૂર્ણ થવા જઈ રહી છે ત્યારે તેઓના ગામ ચરખડીયા મુકામે સવારે સમસ્ત ગામ પરીવાર દ્વારા રામજી મંદિર તેમજ આખા ગામની સાફ સફાઈ કરવામાં આવશે. તેમજ પ્રભુ શ્રી રામજીની શોભાયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે તથા આખો દિવસ રામ ધુન રાખવામાં આવેલ છે. તેમજ અયોધ્યા પ્રમાણે બપોરે ૧૨:૨૮ કલાકે પ્રભુ શ્રી રામને છપ્પન ભોગ અર્પણ કરી ૧૦૮ દિવડાની મહાઆરતી કરવામાં આવશે અને રાત્રે ધુમાડા બંધ જમણવાર બાદ હનુમાન ચાલીસાના પાઠ તેમજ અયોધ્યા ખાતેના વિવિધ કાર્યક્રમોનું સમગ્ર દિવસ દરમ્યાન જીવંત પ્રસારણનું પણ આયોજન કરવામાં આવેલ છે. ત્યારે અમરેલી સંસદીય વિસ્તારના તમામ ગામ, શહેર અને મહોલ્લામાં પણ વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન થાય તે માટે સાંસદ નારણભાઈ કાછડીયાએ સર્વ ધર્મપ્રેમી લોકોને અપીલ સહ અનુરોધ કરેલ છે.


# WE ARE HIRING !

શ્રી અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત

**શ્રીમતી સી.વી. ગજેરા સ્કૂલ** (ગુજરાતી માધ્યમ)

**શ્રીમતી એસ.એચ. ગજેરા સ્કૂલ** (અંગ્રેજી-ગુજરાતી માધ્યમ)

**શૈક્ષણિક સ્ટાફ ભરતીની જાહેરાત**

| ક્રમ | વિષય | લાયકાત |
|---|---|---|
| 1 | ગણિત | B.sc, B.ed. and above |
| 2 | વિજ્ઞાન | B.sc, B.ed. and above |
| 3 | અંગ્રેજી | B.A., B.ed. and above |
| 4 | સામાજિક વિજ્ઞાન | B.A., B.ed. and above |
| 5 | હિન્દી/સંસ્કૃત | B.A., B.ed. and above |
| 6 | પી.ટી./આર્ટ | B.ped., C.ped. and above |
| 7 | કોમ્પ્યુટર | B.C.A. and above |
| 8 | ગુજરાતી | B.A., B.ed. and above |
| 9 | એકાઉન્ટ/બી.એ./એસપીસીસી | M.Com., B.ed. and above |

TAT અને TET ક્લીયર થયેલા ઉમેદવારોને પ્રાથમિકતા આપવામાં આવશે. નિવૃત આચાર્ય, શિક્ષક પણ અરજી કરી શકશે

સંભવિત પડતી ખાલી જગ્યા માટે ખાલી જગ્યાઓ માટે ઉપરોકત લાયકાત ધરાવતા ઉમેદવારોએ અરજી કરવી.

(1) સરકારી ધારાધોરણ મુજબ લાયકાત (2) અંગ્રેજી ભાષા પર સારો કમાન્ડ જરૂરી (3) લાયક ઉમેદવાર માટે આકર્ષક પગાર (4) શિક્ષકો માટે તાલીમ ફરજીયાત છે (5) કોમ્પ્યુટર અને ઈન્ટરનેટનું સારૂ જ્ઞાન જરૂરી (6) વિશિષ્ટ લાયકાત અને બહોળો અનુભવ ધરાવતા કેન્ડીડેટ ને રહેવા-જમવાની વ્યવસ્થા.

તમારી અરજી સંબંધિત તમામ શૈક્ષણિક દસ્તાવેજો અને તાજેતરના પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે ઈમેલ vidyasabhaofficial@gmail.com પર મોકલો અથવા વોટ્સએપ પર મોકલવા.

APPLY NOW 94262 35335

vidyasabhaofficial@gmail.com

વિદ્યાસભા કેમ્પસ, લાઠી રોડ, અમરેલી - (૦૨૭૯૨) ૨૩૦૫૧૧/૬૧૧....૮૧૧


## શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા રાજકોટની 'શ્રીજી ગૌશાળા' ને શ્રેષ્ઠ ગૌશાળાનો એવોર્ડ અર્પણ કરાશે

રાજકોટ, તા. ૧૬

શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા રાજકોટની 'શ્રીજી ગેશાળા'ને શ્રેષ્ઠ ગૌશાળાનો એવોર્ડ આપવામાં આવશે. સતીષભાઈ વિઠલાણીનાં નેતૃત્વ હેઠળ ' શ્રી લોહાણા મહાપરિષદ' દ્વારા ' એલ.આઈ.બી.એફ. એકસ્પો ૨૦૨૪'ની પ્રથમ આવૃત્તિમાં ૩૪ વિવિધ ક્ષેત્રો જેમ કે, બન્કિંગ અને આર્થિક સેવાઓ, રિયલ એસ્ટેટ, સ્ટાર્ટ–અપ્સ અને ફૂડ તથા કૃષિ તથા અન્યોના સહભાગથી ૩૦થી વધુ દેશોના બિઝનેસ એક છત હેઠળ પ્રદર્શિત થશે. આ ઉપરાંત, વિવિધ વિષયો પર અર્થપૂર્ણ અને વ્યાપક પેનલ ચર્ચા યોજાશે તથા સંબંધિત ક્ષેત્રના નિષ્ણાતો આ ઉદ્યોગને આકાર આપતા નવા પ્રવાહો તથા નાવીન્ય અંગે ચર્ચા કરશે. એકસ્પોમાં સીઈઓ નાઈટ અને ઓનર ધ આઈકોન્સનો પણ સમાવેશ છે. મહાપરિષદ દ્વારા અપાતા આંતરરાષ્ટ્રીય એવાર્ડસમાં યુવા પ્રતિભા, વરિષ્ઠ નાગરિક, પ્રતિભા, સંશોધન, બાળ પ્રતિભા, સાહસ, વ્યવસાય, કલા, ગૌસેવા, નારીગૌરવ, વિશિષ્ટ પ્રતિભા, શ્રેષ્ઠ લોહાણા મહાજન, માનવ સેવા પ્રવૃત્તિ, પત્રકારત્વ, રઘુવંશી મહર્ષિ અને રઘુવંશી શ્રેષ્ઠ ઝોન જેવા એવાર્ડઝ અપાય છે. શ્રેષ્ઠ ગૌશાળાનો એવોર્ડ રાજકોટની શ્રીજી ગૌશાળાને આપવામાં આવશે.રાજકોટ, ગુજરાતનાં પશ્ચિમ ભાગોળે આવેલી શ્રીજી ગૌશાળા જે ૧૦ એકરમાં ફેલાયેલી ૧૯૦૦ ગાય માતા સાથેની ગૌશાળા છે. શહેરથી તદ્દન નજીક – રાજકોટ–જામનગર હાઈ–વે, નવા ક્રિકેટ સ્ટેડીયમ સામે આવેલી 'શ્રીજી ગૌશાળા' એના વિશાળ અને મોકળા ફલક સાથે ઝાડ પાન– ફૂલ– બાગબગીચાની હરિયાળી સાથે ગૌમાતાનાં દિવ્ય સાનિધ્ય સહિતની છટા માટે સૌનું માનીતું સ્થળ બની રહે છે. વળી અહીંની સ્વચ્છતા–સુંદરતા અને સુવિધા સૌ કોઈને આકર્ષિત કરે એટલી સમૃધ્ધ છે. રાજકોટમાં છેલ્લા ૨૫ 'વર્ષથી શ્રીજી ગૌશાળા' ચલાવવામાં આવે છે. શ્રીજી ગૌશાળામાં ગૌ આધારીત ખેતી માટે અવારનવાર ખેડૂતોનું સંમેલન બોલાવી સમજાવવામાં આવે છે અને તે માટે ગૌશાળાની બાજુમાં નિર્દેશન અંગે ખેતી પણ કરવામાં આવે છે. ગૌશાળ ાનાં સ્વાવલંબન માટે ગોબર, ગૌમૂત્ર અને પંચગવ્ય દ્વારા ૬૩ થી વધુ ગૌ પ્રોડકટસ બનાવવામાં આવે છે. ગૌમાતાના ગોબર અને ગૌમૂત્રમાંથી દવા બનાવીને કેન્સર, કિડની, માઈગ્રેન જેવી ગંભીર બીમારીઓ સાથે ૧૪૮ પ્રકારના અન્ય રોગો પર પણ લોકોને ફ્રી દવા આપવામાં આવે છે. જેમાં અત્યાર સુધીમાં ૭ લાખથી વધુ દર્દીઓએ લાભ લીધો છે. સ્કૂલના બાળકોને ગૌશાળાએ બોલાવીને તેમને ગાયો વિશે અવારનવાર પ્રશિક્ષણ આપવામાં આવે છે. શ્રીજી ગૌશાળાનાં પ્રભુદાસભાઈ તન્ના, જયંતીભાઈ નગદીયા, ભુપેન્દ્રભાઈ છાંટબાર, રમેશભાઈ ઠક્કર સહિતનાં અગ્રણીઓ આ એવોર્ડ ગાંધીનગર ખાતે સ્વીકારશે. આ તકે શ્રીજી ગૌશાળાનાં રમેશભાઈ ઠક્કર જણાવે છે કે, 'એવોર્ડનાં સાચા હકદાર શ્રીજી ગૌશાળાનાં લાખો દાતા પરિવારો, ગૌ ભકતો છે જેમને કારણે જ ગૌમાતાઓનાં આશિર્વાદ સતત પ્રાપ્ત થતાં રહ્યા છે. શ્રીજી ગૌશાળા લોહાણા મહાપરિષદનાં આભારી છે જેના કારણે શ્રીજી ગૌશાળ ાનાં કાર્યો વિ ફલક સુધી પહોચાડવા મદદરૂપ થયા છે. આ ગૌમાતાઓનું સાચું સન્માન છે. **સરનામું :** શ્રીજી ગૌશાળા, રાજકોટ–જામનગર હાઈ–વે, નવા ક્રિકેટ સ્ટેડીયમ, રાજકોટ. મો. ૯૮૨૫૪ ૧૮૯૦૦, ૯૯૦૯૯ ૭૧૧૧૬.




## અમરેલી : એ.આર.ટી.ઓ. દ્વારા બાઈક અને કાર વાહનો માટેની નવી સીરીઝ માટે ઈ–ઓકશન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે

અમરેલી તા.૧૬

એ.આર.ટી.ઓ.અમરેલી દ્વારા મોટર સાયકલ માટેની માટેની નવી સીરીઝ જીજે–૧૪ એન, એકયુ, એઆર, એએસ, બીબી, બીસી, બીએ,બીએફ, ૦૦૦૧ થી ૯૯૯૯ માટે અને મોટર કારની નવી સીરીઝ, જીજે ૧૪ એપી, બીએ, બીડી, ૦૦૦૧ થી ૯૯૯૯ ઈ–ઓકશન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ઈ–ઓકશન માટે ઓનલાઈન અરજી તા.૨૩/૦૧/૨૦૨૪ સાંજે ૪ વાગ્યાથી તા.૨૫/૦૧/૨૦૨૪ સાંજે ૪ વાગ્યા સુધીમાં કરી શકાશે ઉપરાંત બિડિંગ સમયગાળો તા.૨૫/૦૧/૨૦૨૪ થી તા.૨૭/૦૧/૨૦૨૪ સુધી રહેશે. ઈ–ઓકશનનું પરિણામ તા. ૨૭/૦૧/ ૨૦૨૪ના રોજ જાહેર કરવામાં આવશે.ઓનલાઈન ઈ–ઓકશનમાં ભાગ લેવા માટે અરજદારે http:// parivahan. gov. in/parivahan પર નોંધણી, યુઝર આઈ.ડી.પાસવર્ડ તૈયાર કરવા અને હરાજી, ચૂકવણુ કરવું, વાહન નંબર મેળવવો સહિતની પ્રક્રિયામાં ભાગ લેવાનો રહેશે. વાહન ખરીદીના સાત દિવસની અંદર ઓનલાઈન સી.એન.એ. ફોર્મ ભરવાનું રહેશે.

અરજદારે અરજી પ્રક્રિયા પૂર્ણ થયાના પાંચ દિવસમાં નાણા જમા કરાવવા.અરજદાર જો નિયત સમય મર્યાદામાં નાણાં ચૂકવવામાં નિષ્ફળ જાય તો મૂળ ભરેલી રકમને જપ્ત કરી ફરીવાર હરાજી કરવાની રહેશે. ઓનલાઈન ઈ–ઓકશનમાં અરજદારે આર.બી.આઈ. દ્વારા નક્કી કરેલ દરે ચાર્જ ચૂકવવાનો રહેશે.હરાજીની પ્રક્રિયામાં સફળ થયેલા અરજદારને સફળ ગણી બાકીના નાણાં દિન–૫માં ભરપાઈ કરવા માટે એસ.એમ.એસ. કે ઈ–મેઈલથી જણાવવામાં આવશે. ઉપરાંત હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે નાણા પરત કરવાના રહેશે એટલે કે નેટ બેંકિંગ, ક્રેડિટ કાર્ડ,ડેબિટ કાર્ડથી રકમનું ચૂકવણું કર્યુ હોય તે જ મોડથી નાણાં અરજદારના એમ.આઈ.એસ.થી સફળ અને નિષ્ફળ વ્યવહારની ખાતરી કરી બેંકને જાણ કરવાની રહેશે.

ઈ–ઓકશનમાં ભાગ લેવા માટેનો વીડિયો યુ ટયુબમાં ઈ–ઓકશન, આર.ટી.ઓ ગુજરાત સર્ચ કરવાથી મેળવી શકાશે.ઉપરાંત ઈનવોઈસ અથવા વિમાની તારીખ બેમાંથી જે વહેલા હોય તે તારીખથી સાત દિવસ થતા હોય તેવા વાહન માલિકો જ ઓકશનમાં ભાગ લઈ શકશે તેમ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી અમરેલીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### આગામી ૨૨ જાન્યુઆરીનાં પવિત્ર દિને

## અમરેલી જિલ્લા સહિત રાજયનાં દરેક ઘરમાં સફાઈ અને દીપપ્રાગટય કાર્યક્રમ યોજાશે

### રામમંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને તૈયારી : ભરત સુતરીયા

અમરેલી, તા. ૧૬, ગુજરાતની તમામ ગ્રામ–તાલુકાને જિલ્લા પંચાયતનાં પદાધિકારી અને સદસ્યોનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થા ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદ દ્વારા સર્વાનુમતે ઠરાવ કરી ૨૨મી જાન્યુઆરીએ પ્રત્યેક ગામ અને ઘરોમાં સફાઈ–રંગોલી તેમજ દીપ પ્રાગટય કરવામાં આવશે. આ ઉર્જા પ્રેરક કાર્યક્રમમાં પ્રત્યેક ગામમાં સ્વયંભુ ટીમ બનાવી આયોજન થઈ રહેલ છે. આ આયોજનને ગ્રામીણ ગુજરાતનાં લોકોમાં ભારે ઉત્સાહ અને આવકાર મળી રહેલ છે. આ વિવિધ કાર્યક્રમોનાં ફોટા પ્રત્યેક જિલ્લા પંચાયત કે તાલુકા પંચાયત અથવા સીધા ગુજરકાત પ્રદેશ પંચાયત પરિષદને મોકલી આપવા અનુરોધ કરાયેલ છે. આ કાર્યક્રમને સફળ બનાવવા ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદનાં હોદ્દેદારો પરેશકુમાર દેસાઈ પ્રમુખ ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદ(નવસારી), હસમુખભાઈ પટેલ ઉપપ્રમુખ(આણંદ), શિલ્પાબેન પટેલ, ઉપપ્રમુખ(ગાંધીનગર), જીવાભાઈ આહીર ઉપપ્રમુખ(કચ્છ), હંસાબેન પારેઘી માનદ્ મંત્રી(મોરબી), ભરતભાઈ ગાજીપરા માનદ્ મંત્રી(જૂનાગઢ), મલકાબેન પટેલ ખજાનચી (છોટાઉદેપુર), ભરતભાઈ સુતરીયા આંતરિક ઓડીટર(અમરેલી), પરબતભાઈ પરમાર કન્વીનર( પોરબંદર) તથા નિર્મળાબેન ગાઈન સહ–કન્વીનર કામગીરી સુપરત કરવામાં આવેલ છે. ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદનાં ચાર ઝોનનાં કન્વીનરો દ્વારા ઝોન વાઈઝ પંચાયતોનાં પદાધિકારીઓ સાથે સંકલન કરી આ કાર્યક્રમને સફળ બનાવવા કામગીરી સંસ્થા તરફથી સુપરત કરવામાં આવેલ છે. તેમ ભરતભાઈ સુતરીયા પ્રમુખ જીલ્લા પંચાયત અમરેલીની અખબારી યાદીમાં જણાવે છે.

# લીલીયા તાલુકા પ્રાથમિક શિક્ષકો દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરાયું



લીલીયા મોટા ખાતે સ્વ. ખોડીદાસ ઠક્કર સ્ટેડીમ ખાતે લીલિયા તાલુકા પ્રાથમિક શિક્ષક દ્વારા જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન રમીલાબેન ભીખાભાઈ ધોરાજીયાના અધ્યક્ષ સ્થાને ચાર કલસ્ટર વચ્ચે ક્રિકેટ ટુર્નામેન્ટનું ભવ્ય આયોજન કરવામાં આવેલ. જેમાં લીલીયા કન્યા શાળા, પંચતલાવડા કુમાર શાળા, લીલીયા કુમાર શાળા, ક્રાંકચ કુમાર શાળા વચ્ચે ક્રિકેટ જંગ જામેલ ક્રિકેટની શરૂઆત ચેરમેન દ્વારા ટોસ ઉછાળીને કરવામાં આવેલ અને આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં અંતે ક્રાંકચ અને પાંચ તલાવડાની ટીમો ફાઈનલમાં પ્રવેશી હતી અને આખરે ભારે રસાકસી બાદ પંચતલાવડાની ટીમ વિજેતા થયેલ આ તકે સ્વ. પ્રવીણભાઈ ભરાડ( શિક્ષક)ની યાદમાં તેમના પુત્ર અજયભાઈ ભરાડ (આચાર્ય કલ્યાણપર) દ્વારા ઉપસ્થિત ખેલાડીઓને ચા–પાણી ને નાસ્તો તેમજ પ્રત્યેક ભાગ લેનાર ટીમને સ્વ. પ્રવીણભાઈ ભરાડની સ્મૃતિરૂપે ટ્રોફી ભેટ આપી પ્રોત્સાહિત કરેલ. આ ટુર્નામેન્ટમાં ઉપસ્થિત ભનુભાઈ ડાભી, ભીખાભાઈ ધોરાજિયા, ઘનશ્યામભાઈ મેઘાણી, કાનજીભાઈ નાકરાણી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી મકવાણા, કે.નિ. અલ્પેશભાઈ, બી.આર.સી. અભિષેકભાઈ ઉપસ્થિત રહી ક્રિકેટ રમતા ખેલાડી ઓને પ્રોત્સાહન પૂરૂં પાડેલ કાર્યક્રમનું સંચાલન પી.એમ. દ્વારા કરવામાં આવેલ. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## આખલાઓ વચ્ચે ઘમાસાણ હોય કે રખડુ શ્વાન હોય શહેરીજનો ભયભીત

# અમરેલીનાં માર્ગો ઉપરથી રખડતા પશુઓને સલામત સ્થળે ખસેડો

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગૌ-માતાની સેવા કરતાં હોય તેવા દ્રશ્યો અવારનવાર જોવા મળે અને અમરેલીમાં કોઇને ગૌ-માતાની ચિંતા નથી

રખડતી-ભટકતી અને પ્લાસ્ટીકથી પેટ ભરતી ગૌ-માતાને સલામત સ્થળે ખસેડવાની કામગીરી કરવી જરૂરી

શહેરની દરેક ગલીઓ અને જાહેર માર્ગો ઉપર રખડુ શ્વાન, ગાય અને આખલાનાં ટોળે ટોળા ફરી રહ્યા છે

પાલિકા, ટ્રાફિક, પશુપાલન, વન સહિતનાં વિભાગે સંયુકતપણે કોઈ નકકર કામગીરી કરવી પડશે



અમરેલી, તા. ૧૬

અમરેલીનીલગભગતમામ રહેણાંકમકાનનીગલીઓકેજાહેરમાર્ગો ઉપર બેખૌફ ફરતાં રખડુ શ્વાન, આખલાઓથી શહેરીજનોમાં ખૌફનો માહોલજોવામળીરહ્યોછે.તોજેનામાં ૩૩ કરોડ દેવતાઓનો વાસ છે તેવું માનવામાં આવતું હોય છે તેવી ગૌ-માતાનીહાલતતોઅતિદયનીય

(અનુસંધાનપાના ૬ ઉપર)

### પાલિકા દ્વારા પાણી વિતરણનો કોઈ સમય જ નકકી નથી

# લ્યો બોલો : સાવરકુંડલાનાં પારેવા ઘરની નજીકનાં વિસ્તારમાં રાત્રિનાં ૨ થી ૩ વાગ્યે પીવાનું પાણી અપાતુ હોય આશ્ચર્ય

### સ્થાનિકોએ 'અમરેલી એક્સપ્રેસ' સમક્ષ હૈયાવરાળ ઠાલવી

સાવરકુંડલા, તા.૧૬

સાવરકુંડલાનાં પારેવાઘર નજીક આવેલ મોચી શેરીમાં પાલિકા દ્વારા રાત્રિનાં ૨ થી ૩ વાગ્યા આસપાસ પીવાનું પાણી વિતરણ કરાતુ હોય સ્થાનિકોએ 'અમરેલી એકસપ્રેસ' સમક્ષ હૈયા વરાળ ઠાલવી હતી.



સ્થાનીકોએ જણાવેલ છે કે અમારા વિસ્તારમાં છેલ્લા પાંચથી છ વર્ષથી અનિયમિત પાણી વિતરણ થાય છે. પાણી આપવાનો કોઈ સમય જ નકકી નથી. નગરસેવકોને અનેક વખત રજુઆત કરેલ છતાં કોઈ ઉકેલ નથી. તો અમારી સમસ્યાને વિશાળ ફલક પર ઉજાગર કરવા અનુરોધ કરેલ છે.

### સુરતનાં ઘનશ્યામભાઈ પટેલ વિરૂધ્ધ કાર્યવાહી શરૂ

# રાજુલામાં મોબાઈલ ટાવર ઉભો કરવાનાં નામે રૂપિયા ૨૫.૫૩ લાખની છેતરપીંડી કરનાર આરોપીની અટકાયત

અમરેલી, તા. ૧૬

રાજુલામાં મોબાઈલ ટાવર ઉભો કરી આપવાનો વિસ અને ભરોસો અપાવી રૂા. ૨૫,૫૩,૫૦૦ની છેતરપીંડી અને વિસઘાતનો ગુન્હો આચરનાર આરોપીને અટક કરી કોર્ટમાંથી દીન-૭ ના રીમાન્ડ મેળવી



તપાસ દરમ્યાન રૂપિયા ૧૭,૦૦,૦૦૦ રિકવર કરતી રાજુલા પોલીસ ટીમ.

વિગત એવા પ્રકારની છે કે, લોકોની સાથે છેતરપીંડી અને વિસઘાત કરનાર આરોપીને સત્વરે

(અનુસંધાનપાના ૬ ઉપર)

### સીટી પીઆઈ ડી.કે. વાઘેલાનાં માર્ગદર્શન હેઠળ કાર્યવાહી

# અમરેલીનાં ક્રિષ્ના પેટ્રોલ પંપનાં સંચાલક પાસે રૂપિયા ૨૦ લાખની માંગ કરનાર આરોપી ઝડપાયો

### આરોપી કુલદીપભાઈ આલાણી રે. નાના માચીયાળા વિરૂધ્ધ કાર્યવાહી

અમરેલી, તા. ૧૬

અમરેલીમાં આવેલ ક્રિષ્ના પેટ્રોલપંપના માલીકને ફોન કરી રૂા. ૨૦ લાખની ખંડણી માંગી તથા પેટ્રોલ



પંપ ઉપર ફાયરિંગ કરવાની ધમકી આપનાર ઈસમને સુરત ખાતેથી અમરેલી સીટી પોલીસ ટીમે ઝડપી લીધેલ છે.

અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર ડી.કે. વાઘેલાના માર્ગદર્શન હેઠળ અમરેલી સીટી પોલીસની ટીમ દ્વારા અમરેલી સીટી પોલીસ સ્ટેશનના ઈ.પી.કો કલમ ૩૮૪, ૩૮૫, ૩૮૭, ૫૦૪, ૫૦૭ મુજબના ગુન્હાના આરોપી કુલદીપભાઈ પ્રતાપભાઈ આલાણી (રહે. નાના માચીયાળા)ને ટેકિનકલ સોર્સ તથા હ્યુમન સોર્સથી મળેલ ચોક્કસ બાતમી આધારે આરોપીને ગણતરીની કલાકોમાં સુરત ખાતેથી શોધી પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.










નં.રેવ/રીકવરી/હરરાજી/૪૦૦૫૫ થી ૪૦૦૭૨/૨૦૨૪

ખાસ વસુલાત અધિકારી,સહકારી મંડળીઓ.
ઠે.અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.
ભોજલરામ ભવન,રાજમહેલ રોડ,અમરેલી.
તાઃ- ૦૧/૦૧/૨૦૨૪

## જાહેર હરરાજી (નિયમ ૧૨૯)

જપ્તીમાં લીધેલ મિલ્કતના વેચાણની સુચના અને જાહેર નામાનો નમુનો
(જમીન મહેસુલ ધારાની કલમ-૧૬૫ નીચે)

**શ્રી અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. બાબરા, તાલુકો. બાબરાના બાકીદાર**

| ક્રમ | નામ | રહેઠાણ | તાલુકો |
|---|---|---|---|
| ૧ | બાવનદાસ વજેરામભાઈના કુ.મુ. શિવરામભાઈ વજેરામભાઈ કુબાવત | સમઢીયાળા | બાબરા |

**જી.અમરેલીએ શ્રી અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.ની બાબરા શાખા** તાલુકો. **બાબરા** પાસેથી ઉપરોકત બાકીદારોએ લોન લીધેલ છે.

ઉપરોકત બાકીદારોએ લોન નિયત સમયમાં ન ભરતા તેમની સામે સહકારી કાયદાની કલમ ૧૦૬(૧)ના કેસ થયેલા અને જીલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ, અમરેલી તરફથી જમીન મહેસુલની બાકી તરીકે રેવન્યુ રાહે વસુલાત કરવા પ્રમાણપત્ર આપવામાં આવેલ છે. સદરહું બાકીદાર પાસે લ્હેણુ વસુલ કરવા જમીન મહેસુલ કાયદા અને નિયમને આધારે બાકી રકમ માટે તેમની સ્થાવર/ જંગમ મિલ્કત વેચીને મંડળીનાં ઉપરોકત નાણાં તથા અત્યાર સુધીનું વ્યાજ, દંડનીય વ્યાજ રીકવરી ચાર્જ તથા અન્ય ખર્ચાઓ જે જમીન મહેસુલ કાયદા તથા નિયમોની જોગવાઈ છે તે રીતે વસુલ કરવાની થાય છે. બાકીદારો પાસે નીચે મુજબની લેણી નીકળતી રકમના પ્રમાણમાં જમીનની જાહેર હરરાજી કરવાની થાય છે.

| ક્રમ | મુદત વિતેલ બાકીદારનું નામ | જપ્તી હુકમ નં./ તારીખ | પ્રમાણપત્રની રકમ |
|---|---|---|---|
| ૧ | બાવનદાસ વજેરામભાઈના કુ.મુ. શિવરામભાઈ વજેરામભાઈ કુબાવત | નં.રેવ/રીકવરી/જપ્તી/હુકમ-૦૫/૨૦૨૧ તા.૦૮/૦૭/૨૦૨૨ | ૪૧૫૮૪ + ચડત વ્યાજ + અન્ય ચાર્જ |

સદરહું બાકીદારોની તેમના નામ સામે દર્શાવેલ નીચેની વિગતે જમીન જાહેર હરરાજીથી વેચવાની થાય છે. આ જાહેરાતથી રસ ધરાવતી વ્યકિતઓને જાણ કરવામાં આવે છે કે આ સ્થાવર મિલ્કત ખરીદવા ઈચ્છા ધરાવનારે **ખેડુત હોવાના આધારો સાથે ગામના નં.૮-અ, ૭/૧૨ની નકલો સાથે રૂા.૧૦,૦૦૦/- ડીપોઝીટ પેટે અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. બાબરા** શાખામાં જમા કરાવી તેની પાવતી સાથે માંગણીદારે માંગણી કરવા માટે હરરાજીના દિવસે નીચે દર્શાવેલ સ્થળે સમયસર હાજર રહેવું.

**જાહેર હરરાજીની મિલ્કતની વિગત**

| ક્રમ | મુદત વિતેલ બાકીદારનું નામ | જમીનના સર્વે નં. | ક્ષેત્રફળ હે.આરે. ચો. મીટર | આકાર | જમીન ખાતા નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | સ્વ.બાવનદાસ વજેરામભાઈના વારસદારો શ્રી શિવરામભાઈ વજેરામભાઈ કુબાવત વિગેરે | ૨૦૪ | ૧-૮૧-૪૪ | ૫.૪૦ | ૧૩૫ |
| | | ૪૧૬ | ૧-૦૧-૧૨ | ૧૧.૮૫ | |

આ સ્થાવર મિલ્કત વેચાણથી વધારેમાં વધારે કિંમતે માંગણી કરનારને આપવામાં આવશે, માંગણી મંજુર થયે તાત્કાલીક ૨૫% રકમ **અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. બાબરા** શાખામાં ભરપાઈ કરવાની રહેશે. બાકીની ૭૫% રકમ વેચાણ થયાની તારીખથી પંદર દિવસમાં ભરપાઈ કરવાની રહેશે. હરરાજીની અન્ય શરતો રૂબરૂમાં વાંચી સંભળાવવામાં આવશે સદરહું હરરાજી બાબતે કોઈ વિવાદ ઉપસ્થિત થયે અમારો નિર્ણય આખરી ગણાશે જેની નોંધ લેવા વિનંતી.

**જાહેર હરરાજીનું સ્થળ સમય અને તારીખ**
તારીખ :- ૦૧/૦૨/૨૦૨૪, ગુરૂવાર
સમય :- સવારે ૧૧:૦૦ કલાકથી
સ્થળ:- સમઢીયાળા ગ્રામ પંચાયત કચેરી,
મુકામ:- સમઢીયાળા, તાલુકો :-બાબરા, જી. અમરેલી.

ખાસ વસુલાત અધિકારી અમરેલી

(એસ.કે.મકવાણા)
ખાસ વસુલાત અધિકારી
સહકારી મંડળીઓ, અમરેલી

**હરરાજીમાં ભાગ લેનાર વ્યકિત ખાતેદાર ખેડુત હોવા જોઈએ.**

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)